ઈરાની ઈતિહાસીક વારતા

ખોસરો પરવીઝ.

લખનાર અને છપાવી પ્રગટ કરનાર

માણેકજી ભીખાજી દારૂવાલા

બી. એ. એલ. સી. ઈ.

એનજીનીયર અને આરકીટેકટ

માણેકજી ભીખાજી દારૂવાલાને માટે
માલેક અને પ્રીન્ટર મનચેરશા કાવશજી ગોરાઆઈજીએ
ધી "કમર" પ્રેસ અબદુલરહેમાન સ્ટ્રીટ, મુંબઈમાં છાપી છે

સને ૧૯૨૩

કીંમત રૂપીઆ બે

ઈરાની ઈતિહાસીક વારતા

ખોસરો પરવીઝ.

લખનાર અને છપાવી પ્રગટ કરનાર

માણેકજી ભીખાજી દારૂવાલા

બી. એ. એલ. સી. ઈ.

એનજીનીયર અને આરકીટેકટ

માણેકજી ભીખાજી દારૂવાલાને માટે

માલેક અને પ્રીન્ટર મનચેરશા કાવશજી શેરાબજીએ

ધી " કમર " પ્રેસ અબદુલરહેમાન સ્ટ્રીટ, મુંબઈમાં છાપી છે

સને ૧૯૨૩

કીંમત રૂપીઆ બે

મારા મરહુમ વહાલા બાવાજીની યાદગીરીમાં અરપણ કરેલી

લખનાર-**માણેકજી ભીખાજી દારૂવાલા**

બી. એ. એલ. સી. ઈ.

એનજીનીઅર અને આરકીટેકટ

ખોસરો પરવીઝ

પ્રકરણ ૧ લું

તે એક સુંદર પરોઢીયું હતું. આસમાનપરના તારાઓ પોતાની રોશની ઝાંખી કરવાની તૈયારી કરતા હતા, પણ સુકરના ગ્રહની આંખો તે હરણની આંખોની માફક ઝમક ઝમક કરતી ને પોતાના સુંદર કીરણો પરસીપોલીસના સરોવરના પાણીપર નાંખતી. આ પરસી પોલીસનું સરોવર ઘણો રળીઆમણો દેખાવ દેતું હતું. તેના પાણી ઘણાં નીરમલને સ્વચ્છ હતાં તેની કીનારીએ એક પહોલો ફુટપાથ ઈરાનના રાજા હોરમજદ ચોથાએ બનાવ્યો હતો ને દર પચાસ ફુટે એકેક સુંદર બતી મુકીહતી, તેથી તેના કીરણો પાણીમાં પડતાં અને આખો સરોવરના પાણી બતીઓના કીરણોથી નાચતા, જાને આસમાન ને ધરતીમાં કોણ સરસ હોય તેમ સુકનો ગ્રહતારાઓમાં નાચતો ને સરોવર પોતાની આસપાસની બતીઓના સોનેરી લેબાસમાં નાચવાનો દેખાવ દેતો હતો. સરોવરની એક બાજુ સુંદર બગીચો હોરમજદબાદશાહે બનાવ્યો હતો તેમાં પુશકલ સુગંધી ફુલો ને ઝાડો ઉઘાડયાં હતાં ને પક્ષીઓ ત્યાં પોતાનું રહેઠાન કરી બેઠાં હતાં, તેઓ હવે પરોઢીઆનો વખત હોવાથી પોતાના ગીતો શરૂ કીધાં

તેમાં બુલબુલના મીઠા સરોદોથી બાગ ગાજી રહ્યો, ને પુળોના ને ઝાડોના સ્વાસથી હવા ઘણી સુંદર ને તાજગીભરી થઈ ને લેહકોમાં ફેરવાઇ જઇને સરોવર પરથી પસાર થતી હતી. તે લેહકો એવી હતી કે બીમાર માણસને પણ સાજો કરીને પુર તનદરોસ્તીને જોર આપતો સરોવરની બીજી બાજુ હોરમજદ બાદશાહે બંધાવેલો સંગેમરમરનો સુંદર મહેલ હતો. સંગેમરમર જુદા-જુદા રંગનો હોવાથી ઘણો સોભાય માન લાગતો ને જયારે સુરજના કીરણો તેનીપર પડતાં ત્યારે તેનો દેખાવ આંખને દીલપઝીર લાગતો ને તેની સુંદરતામાં વધારો પાણીમાંનો પડછાયો કરતો હતો. આવા એક સુંદર મેહલમાં હોરમજદ બાદશાહ તરત ઉઠીને ને બારી વાતે ઉભો હતો ને ખુદરત નીહાલતો હતો. હોરમજદ બાદશાહ ઘણો ઘાટકી હતો ને તેથી તેનું મગજ ઘણું અસ્થીર ને વેહમીલું બની ગયું હતું. તેવાં મગજેબી જયારે પોતાની આંખો ચલકતા સુકરના ગ્રહની સાંમે ટાંકી ત્યારે તેઓને ટાઢક મલતી હતી, બીજી તરફ નીચે સરોવરને બાગ તરફ નજર ફેંકવાથી તેનું મગજ બહુ સાંત થયું હતુ, ને આખાં બદનની અંદર આ રળીઆમણાં દેખાવથી નવું જોર પેદા થતું. તેનું અસ્થીર મગજ પણ સ્થીર થઈ ગયું ને વીચાર કરવા લાગ્યું. તેનો મોટો વીચાર

પોતાના છોકરા ખોસરોપરવીઝ તરફ દોડયો. તે પોતે વહેમી હોવાથી પોતાના છોકરા તરફ સારી લાગણી ન ધરાવતો હતો કારણ કે તેના મનમાં પોતે ઘણાઓને મારી નાંખ્યાથી એવી બોક પેસી ગઇ હતી કે રખે તેની ગાદી કોઇ છીનવીલે, તે તેથીજ તેના દીકરા ખોસરોને ચહાતો નહિ હતો જયારે ખોસરોનુ મન તદન સાફ હતું ને તેના બાપની આવી લાગણીથી ગમગોની પેદા થતી. બીજું ખોસરો તરપ હોરમજદ બાદશાહનું અભાવનું કારણ એ હતું કે જયારે ખોસરો નો જન્મ થયો ત્યારે તેને રાજ જોશીને બોલાવી મંગાવ્યો ને ખોસરોનું ભવીશ ભાખવા કહયું ને કેટલે દરજે જોતીશવીધ્યા ખરી છે કે નહી તે જાણવા માંગ્યું. રાજજોશી જે બહુ ભણેલો હતો ને ગન્ત્રીબાજ તેને પોતાનું વીવેચન નીચે પ્રમાણે કીધું. "શેહેનશાહ, જોતીશ વીધ્યા વરસોની અગાઉની સોઢી કાઢવામાં આવી હતી, તેનો મુખ્ય આધાર ગણુત્રીપંર છે ને ગણુત્રી જાણુવાને બાહોશ ભેજું ને અનુભવ જોઇએ છે. ઉપર ટપકેનું જ્ઞાન જેને હોય તે બરોબર કહી શકતો નથી ને માણુસનું મગજને ગુંચવણુમાં નાખે છે. બીજું ગ્રહો આપના શરીરપર અસર કરે છે તે ચંદ્ર ભરતી ને ઓટ લાવે છે તેપરથી સીઢ થાય છે. આપણા શરીરમાં

પણ મોટો ભાગ પાણી છે તેપર ગ્રહોની ચાલથી અસર થતી હોવી જોઇએ ને તેથી આપણી તનદરોસ્તી કોઈ વખતે ઘણી સરસ ને કોઈ વખતે બીગાડો દેખાડે છે. પણ ગ્રહોની અસર માણુસના નસીબની સાથે શું સંબધ છે તે હજુ પુરવાર થતું નથી તેથી આપને આખી જીંદગીનો સામાન્ય એનતેખાબ લેવો જોઇએ ને દરેક પલે શું થશે તેની દરકાર કરવી ન જોઇએ, બીજુ જોતીશ વીધ્યા ગ્રહોના ચાલપરથી કહી શકે કે માનસ નું મોત આ સંજોગમાં થવું જોઇએ, પણ ખોદા મોત જીવણુનો માલેક છે તેથી મોત થતુંબી નથી, તેથી જોતીશ વીધ્યાને બદનામ કરવું ને નાહક ફીકર કરવી એ માણુસને લાયક નથી, ગ્રહોની ચાલપરથી દેખાય છે કે ખોસરોથી તમારીપર આફ્ત આવશે પણ આફ્ત માં મદદગાર થઇ પડશે, જેવું હોરમજદે આ સાંભલ્યું તેવું તેના મીજાજપાર રહયો નહિ ને માણુસોને બોલાવીને રાજ જોશીને બંદીખાને નાખવાનો હોકમ કીધો. રાજજોશી પોતાપર શું આવી પડશે તેની વકી રાખી હતી પણ તે હીમતવાન ને ગનત્રીબાજ હતો તેથી તેને જે વીધ્યાને આધારે ખરૂં હતુ તે કહી દીધું હતુ, ને બંદીખાને જતાં નીચલા શબદો હોરમજદના ભેજા માં ઠસાવવાને બોલ્યો, શેહેનશાહ, જેમ એક માણુસ

ભરતીના પાણી આવતાં અટકાવી શકતો નથી ને તેઓ પણ ભલા શહેનશાહની પણ દરકાર કરતા નથી, તેમ કીસમતની આગળ માણુસ નાચાર છે ને ગમે તેવી ચુકતીને તે પાયમાલ કરે છે તેથી તમારા નસીબમાં બનવાનું તે મને બંદીખાને નાંખ્યાથી સુધરવાનું નથી.' જેવા આ રાજજોશીના જતી વખતના શબ્દો હોરમજદ બાદશાહને પડયા કે તેનો વીચાર બદલી ગયો ને પોતાના રાજ જોશીને છોડી દેવાનો હોકમ કીધો, ને વખતને નીહાળતો બેઠો કે ખોસરો તરફથી શું આફત આવે છે.

પ્રકરણ બીજું

ખોસરોપરવીઝ કે જે આપણી વારતામાં મુખ્ય ભાગ ભજવે છે તે હોરમજદનો નમુનેદાર છોકરો હતો. તે પોતાના બાપથી તદન જુદા પ્રકારનો હતો. તેનો દેખાવ શરીરે સીંહ જેવો લાગતો ને તે ખરેખરો ઈરાનીઓનો ગુણ ધરાવતો. તેનું બદન કસરત ને શીકારથી ગોટલાબાજ થયું હતું ને તેએટલું જોર ધરાવતો હતો કે એક સપાટે બળદનું ડોકુ તલવારથી કાપી નાખતો. તેને એટલું જોર હતું કે ખોરાક પાણી તેનું શરીર બહુ માંગતું. તેને લડાયક હુનર તેના બાપે સીખવવામાં કાંઈ પણ કચાસ કીધી હતી નહિ ને

તલવારબાજી, તીરો ફેંકવાનો ને આબાદ નેમ લેવાનો જાણતો હતો. તે જયારે શીકારે જતો ત્યારે દોડતાં હરણોનાં ટોલાંમાંથી સઉથી સરસ હરણને બરોબર નેમ ટાંકીને એકજ વખતમાં ઘાયલ કરતો. તેને ઘોડે સ્વારી એટલી સરસ આવડતી કે જીન વગર ઘોડાપર માઈલોના માઈલની મુસાફરી કરતો હતો ને દોડતા ઘોડાની ઉપર અટકાવ્યા વગર સવારી કરતો હતો. તરવારની કસરતમાં તો તદન પ્રવાણ હતો ને દુસ્મનો ને હંફાવતો હતો. તેનું કપાલ બહુ મોટુ ને ચલકતુ હતું ને આંખોમાં તેજ હતી જો કે તેનો દેખાવ દમામ દાર ને સામાને ઠઠરાવી નાંખે તેવો હતો તોપણ તે ઘણો ઈનસાફી ને દયાલુ દાલનો હતો. જેમ તેના શરીરના ભાગો ખીલેલા હતા તેમ તેનું મગજ પણ ખીલેલું હતું. તે પોતાની ભાષા બરાબર જાણતો ને કવીઓને ફીલસુફોને માન આપતો ને પોતે પણ બધી વીધ્યાનો અભ્યાસ કીધો હતો. તે વઇદની વીધ્યા માંથી જલદીથી જખમપર રૂજ આવે તેવી દવાઓ જાણતો હતો જે તેને લડાઇમાં ઘણી કામ લાગી હતી. હોરમજદ બાદશાહ બીજા માણુસ સામે અવીશવાશ હતો તે તેનો સરદાર બેહરામ ચોબીન હતો, કારણકે હોરમજદને પોતાના બેટા ખોસરોપરવીઝ ઉપરાંત

દહેશત હતી કે બેહરામચોબીન પોતાની લડાઈની જીતેથી રૈયતમાં માનીતો થઇને તેની ગાદી પચાવી પાડશે. બેહરામ ચોબીન સૌથી ચુનંદો ઈરાની બહાદુર સરદાર હતો, પણ આકળો હોવાથી કોઈક વખતે ભુલો કરતો ને અપમાન પણ કરતો, પણ જયારે તેનો સ્વભાવ થંડો થતો ત્યારે તે પોતાની ભુલો જોતો ને ખાલેસ દાલથી જેનું અપમાન કીધુ હોય તેની માફી માંગતો સૌથી સરસ દાખલો બેહરામચોબીને તુર્કીઓના નવા ખાનપરમુદેહને પોતે નાહકનો ઉસકેરાઇ જઈને ચાબુકે ફતકાવી કાઢયો, તેના બીજા સરદારોએ ઘણો વાંધો લીધો ને બેહરામને આવી ચાલ માટે ઠપકો આપ્યો. પણ એક ભુલ ભરેલું કામ બહેરામે કીધું હતુ તેથી તેને ઘણો પસ્તાવો લાગો ને તેને પરમુદેહની માફી માંગી. બહેરામચોબીન જો કે આકળો હતો તોબી ઘણો ઈન્સાફી હતો, ને કોઇને હેરાન કરવા દેતો નહિ. હોરમજદ બાદશાહ તેની તરફ અવીશવાશથી જોતો તેથી હવેતેને હોરમજદ સામે માથું ઉચકયું, ને બાપ દીકરાને ખટપટમાં ઉતારવાને તેને ખોસરોપરવીઝને નામે સીકકા પાડયા ને હોરમજદ રાજ કરવાને લાયક નથી એવું બીજા સરદારોને કહેવા લાગ્યો. આ શબ્દો ખોસરોપરવીઝને કાને પડયા

ને પોતાના બાપનું અપમાન થયલું જોઈ બેહરામ ચોબીનને બોલાવી મંગાવ્યો, ને હાથોહાથની તલવાર બાજીની લડાઈમાં ઉતરવાને તેને માંગણી કીધી સવારનો વખત નકકી કરવામાં આવ્યો. સવારના તેઓ સુંદર ઘોડાપર સવાર થયા હુતા ને હાથમાં નાગી તલવારો હતી. દરેકજણ પાસે એક એક સાક્ષી હતો. તે સાક્ષીઓએ તેઓને સમજાવ્યા કે એ કામથી હાથ ઉઠાવવો કારણ કે, બેઉની જીંદગાની રાજને માટે ઘણી કીમતી હતી. કારણ કે બેઉ સરસમાં સરસ ઈરાની હતા. પણ બેઉના લોહી ઉછલ્યાં તેથી બેઉએ દાદ નહિ આપી ને લડવાની હુજત કીધી. ખુદરત તેઓ લડે તે જોવાની તદન નારાજ હતી. પક્ષીઓ જે ગાતાં હતાં તે બંધ થઈ ગયાં. હવામાં એકદમ ફેરફાર થઈ આવ્યો ને આસમાનપર કાળાં વાદળનો દેખાવ દેખાવા લાગ્યો. પવનનું જોર એકદમ વધી ગયું ને ઝાડનાઝાડ ઉખેડી નાખ્યા. ને વીજળીના ચમકારા ને વાદળોના ગગરાતે લડાઈ જેવો દેખાવ કીધો. તેટલાં એક મોટો વીજળીનો ચમકારો દુરથી પડયો ને જેવા તેઓ એકેકપર ધસવા જાય છે તેટલાં તે ચમકારાથી બેઉજણા બિહોશ થઈ પડયા. થોડી મીનીટમાં તેઓ હુશીઆર થઈ ગયા ને બહેરામચોબીને ખોસરોને સમજાવ્યું કે જયારે

ખુદરત પણ નારાજ હતી, ને હજુ તેઓને મહાભારત કામો કરવાનાં હતાં તેથી લડત પડતી મુકવી ને એક એકની દોસ્તી કરવી. ખોસરો તુરત સમજી ગયો ને જયારે તેઓ પાછા ફરવા લાગ્યા ત્યારે વાદળો વીખરાઈ જઇને સુરજનો પ્રકાશ પડવા લાગ્યો ને થોડા વાદળો જે નીકલી જતાં હતાં તેને સોનેરી કીનારીઓ પહેડવાની શરૂ કીધી હતી. થોડી મીનીટમાં સઘળું સાફ થઇ ગયુ ને ખુદરતપણ ખુશી થઈ ગઈ.

પ્રકરણ ૩ જુ

બેહરામચોબીન સામે હોરમજદપાદશાહ ઘણો અવીશવાશ ધરાવ્વા માંડયો કારણ કે તેને એવું લાગ્યુ કે તેનો દીકરો ખોસરો બેહરામચોબીનની સાથે મલી જઇને તેની ગાદી પચાવવા માંગે છે, માટે તેને ખોસરો સામે મોટુ લશકર મોકલ્યું. ખોસરોએ જોયું કે બાપ સામે લડવામાં કાંઈ સાર નથી તે બીજે ઠેકાણે નાસી ગયો ત્યાં તેના મામાઓ બંદુને ગરતહમ મલ્યા ને તેને કહયું કે તેઓ તેની બાજુમાં હતા. આ મામાઓ ખોસરો તરફ બહારથી લાગણી દેખાડવાને હોરમજદ બાદશાહના કટટા દુશમન હતા. તેઓ સ્વભાવે ઘણા ઘાટકી હતા ને પોતાની મતલબ પાર પાડવાને કાંઇબી ખરાબ ચીજથી દરતા નહી. તેઓની મુળ મતલબ

પહેલાં હોરમજદ બાદશાહનો નીકાલ કરવાની હતી, ને પછી ખોસરોને નામનો ગાદીપર બેસાડી સઘળી હકુમત પોતાના હાથમાં લેવાની હતી. તેઓએ ખોસરોને હીમત આપી ને હજીતો લડાઇ થાય તેની આગળ તેનીપર પોતાનો દાબ રાખવા માંડયો. ખુસરો જોવાન ને સ્વતંત્ર હતો, પણ દુન્યા જોઇ નહિ હતી તેથી હમણાં પણ તે તેના મામાઓની રતીભાર પણ દરકાર કરતો નહિ ને પોતાના બળપર હીંમત રાખતો હતો. આ દુનીઆમાં એક માણસે પોતે પોતાના પગ પર ઉભા રહેતાં શીખવું જોઇએને દરેક ચીજ પોતાને હાથે કરવી જોઇએ, કારણ કે વખત આવવે તમારો બાપ, કાકો, મામો અથવા કોઇબી સગો જેનીપર તમો મોટી આશા રાખો છો તે પળવારમાં તમારી સામે થઈ જાય છે. કારણ જે મદદ તમોને તે આપતો હતો તેમાં કાંઇ તેની મતલબ હોય છે ને જયારે તે મતલબ માં કાંઈ વાંધો પડે છે, ત્યારે ભંગાણ પડે છે ને આવી વખતે જો તમો તમારા પગપર ઉભા રહેતા શીખ્યા હોય તો તમો તેની જરાપણ દરકાર કરતા નથી ને તે લોકો આપસીમેળે થંડા પડી જાય છે ને આપણું પણ માન ને શોભા વધે છે. એક માણસપર દુઃખ આવે તોપણ તેને એકદમ ગભરાઈ જવું નહી, પણ પોતાના

મગજપર કાબુ રાખી તેને કેમ હઠાવવુ તેનો વીચાર કરવું જોઇએ. ને ખોદાતાલાએ આખી દુનીઆ પેદા કીધી છે, તો હુજાર તમારા દુશમન હશે તો સો ભલા માણસો પણ તમારી મદદે આવશે, ને દુ:ખ પણ પોતાની મેળે સફા થઇ જશે. જયારે હોરમજદ બાદશાહ ખોસરોના મામાઓને ખોસરો તરફ ઢળતા જોયા ત્યારે તેઓને કેદ પકડવાનો હોકમ આપ્યો. બીજું લશકર તેને બેહેરામગોર્બીન સામે મોકલ્યું હતું, પણ તે લશકર તદન હારી ગયું. હોરમજદ પાદશાહની સુઢઢ ઠેકાણે આવવા માંડી તેનો પોતાના પાપનો પસ્તાવો થવા લાગ્યો ને તે મેહલમાં એકલો પડી ગયો, કારણકે ચાકરો પણ તેનાથી નારાજ થઇ ને જેવી તેના લશકરની હાર સાંભળી તેવા વીખેરાઇ ગયાને તેઓએ જઇને ખોસરોના મામાઓને છુટા કીધા. જેવા તેઓ છુટા થયા કે બીજા ઇરાની સરદારો ને ઉશકેરીને હોરમજદ બાદશાહના મેહલમાં ધસી ગયા. જોકે હોરમજદની આગળ કોઇ પણ ન હતુ તોપણ તેને પોતાની તલવાર ખેંચી પોતાનો બચાવ કરવા માંડયો, જયારે સરદારો તેનીપર સીંહોના ટોળાંની માફક ધસી આવ્યા તેઓની મતલબ હોરમજદને મારી નહિ નાંખવાની પણ કેદ કરવાની હતી.

હોરમજદે એક બે જણને નીચે લોહીના ખાબોચીયામાં નાંખ્યા પણ તેટલાં એક સરદારે પછવાડેથી આવીને તેની તલવાર જુતાવી લીધી ને તેને તરતજ કેદ કીધો. હોરમજદે જોયું કે લડવામાં કાંઇ સાર નથી તેથી તુરત શરણ થયો, ને તે સરદારોએ તેને ખુસરોના મામાઓના હાથમાં પરહેજ રાખ્યો. જેવા સરદારો ગયા કે ખોશરોના મામાઓની ખરાબ લાગણીઓએ જોશ કીધો ને પોતાનું-વેર લેવાનો વીચાર કીધો. તુરતજ એક લોખંડનો સળીઓ ઢગઢગતા અંગારમાં ગરમ કરવામાં આવ્યો. ખોસ્રોના મામાઓ પોતાના કામ બજાવાની આગળ પાદશાહ તરફ નજર કરીને બોલ્યા. ‘ ઓ નાપાક પાદશાહ, તારા પાપનો ઘડો ભરાઈ ચુકો છે. તુને ખોદાતાલાએ આખી શહેનશાહત ને બળ આપ્યું તે કાંઈ જુલમ કરવાને વાસ્તે આપ્યું નહી. તેં દસ્તુરાન દસ્તુરને તારા હાથે જહેર આપ્યું. તે માણુસે તારૂં કાંઈ પણ બગાડયું ન હતું તેં ઘણાં માણસોનો ભોગ લીધો છે. કારણ કે તું એવું ધારતો હતો કે દુન્યામાં ખોદાતાલા હમેશાં તને બળવાન રાખશે ને એવા દહાડા હમેશાં પસાર થશે. જો તને અમો માંરી નાંખ્યે તો વેર પુરેપુરો લીધેલું કહેવાય નહિ કારણ કે અમો તને એવી સજા કરવા માંગ્યે છીએ કે તુંને શારીરીક ને માનસીક દુઃખ ઉપજે કે તારા ભોગો તારી

આગળ આવીને તુંને દીવાનો બનાવે જેવું બોલવાનુ પુરૂં થયું કે ગરમ સળીઓ હોરમજદ બાદશાહની આંખ આગળ લાવવામાં આવ્યો ને દુન્યાની છેલ્લી લાઈટ જોઇ લેવા કહયું, ને એક પળવારમાં ઢગઢગતા સળીઆએ પણ ચીસ પાડીને આવું કામ કરવાને નારાજ હોય તેમ બાદશાહને આંધળો બનાવ્યો. જયાં દુન્યાની લાઇત હતી ત્યાં એકદમ આગના ભભુકા દેખાયા જેમ રાત થવાની હોય તેમ સાંજના ઝઝકળાં આકાસપર દેખાવ થાય છે તેમ, તમો ધારોકે હજુ પુશકળ લાઇત છે તેટલાંવારમાં અંધારૂં થઈ જાય છે. જયારે હોરમજદબાદશાહ એકલો પડયો ત્યારે પોતાની હાલત જોઇને પોતાની આ ગળી જીંદગીનો વીચાર કરવા માંડયો તે પોતાના મનમાં બોલ્યો ' હે ખોદાતાલા, તારો ઈનસાફ અદલ છે મેં તો ઘણું પાપ કીધું કારણ કે હું એવો ધારતોહતો કે દુનીઆમાં મને સજા કરવાવાલું કોઇ જોરાવર નથી, તેથી વધુ ગુનાહો કરવાની હીંમત આવી, જેમ એક માણુસ કરજમાં ડુબેલો હોય તે વધારે કરજ કરવાને દરતો નથી તેમ, પણ ખોદાતાલાની શકતી આગળ એક મનુશય કુચ્છ બીસાદમાં નથી. એક ઘણો તનદરોસ્ત ને જોરાવર માણુસ એમ ધારેચ કે મારૂં મોત આવી સ્થીતીમાં

કદીબી નહી આવે તેને પણ એક પલવારમાં અશકત બનાવી દેછે ને તેનું પહેલવાન જેવું જોર બરફની માફક પીગળી જાય છે. મારી સ્થીતી પણ તેવી થઈ છે મારા પાપની સજા હું અંધ કારમાં ભોગવીશ. હું તો ધારતો હતો કે મને કાંઇબી સજા થશે નહી. જો મારા ગ્રહો બળવાન હતે તો મોત સુધીબી અલવળ આવતે નહી. પણ તેમ મારૂં અંતકરણ મારા ગુનાહોને ખાતર મને કોતરીમારતે અને આ દુન્યાના પાપોની સજા મને પછીબી થતે કારણ કે દુનીઆની ચાલપરથી માલમ પડે છે કે એક માનસ નો જન્મ ખોદાતાલાના કાબુમાં છે, કારણકે દુનીઆમાં કોઈને જન્મથી જીંદગાની સુધી દુ:ખીને ગુલામ જોઇએ છે ને બીજાને તદન બીજી અવસ્થામાં જોઇએ છીએ. આવું વીચારવા પુરૂ કરયા પછી પોતાની દુ:ખી સ્થીતી જયારે હોરમજદ બાદશાહે યાદ કીધી ત્યારે તે બોર બોર જેવાં આંસુએ રડયો ને પેહલીજવાર પરમેશ્વરને યાદ કીધો.

પ્રકરણ ૪ થું

જયારે ખોસરોના મામાઓ મહેલ છોડી ગયા ત્યારે તુરતજ તેઓ ખોસરોપરવીઝ આગળ ગયા ને તુરતા તુરત ઇરાની અનજુમન બોલાવી ખોસરો પરવીઝને રાજગાદીપર બેસાડવામાં આવ્યો જો કે

ખુસરોની મરજી જયાં સુધી પોતાનો બાપ જીવતો હોય ત્યાં સુધી તખતપર બેસવાની ન હતી. જેવી તાજપોસીની ક્રીયા પુરી થઈ ત્યારે પહેલી મુલાકાત ખોસરોએ પોતાના બાપની લીધી. આંધળા બાપને જોતાં ખોસરોને એકદમ છાતીમાં પોતાના પેદર તરફ ની લાગણી ધાઈ આવી, ને તે પોતે પુશકળ રડવા માંડયો ને બોલ્યો 'હે પેદર, જેટલું દુઃખ તમુને તમારી હાલતથી થાય છે તેના કરતાં બમણું મને થાય છે કારણકે હું તમારી તરફ સારી લાગણી ધરાવતો હતો જયારે મારી તરફ ચાલુ અવિશવાશથી જોયા કરતા. જો મારા બળને મારી સંગાત તમો રાખી હતે તો તમોને જરાપણ નુકસાન જતે નહિ, હું તમારી હાલત જોઇને તમારી ગાદી પણ જોઈતી નથી! જયારે તે દુઃખી બાપે પોતાના છોકરાના આવો સખુનો સાંભળ્યા ત્યારે પહેલીજવાર તે પોતાના દીકરાને વહાલથી ભેટયો, ને પોતે બોલ્યો કે જયારે તેની સ્થીતી આવી થઈ છે ત્યારે તે રાજ ચળાવાને અશકત છે તેથી ખોસરોએ પોતાની ગાદીપર મકકમ રહેવું ને તેના દુશમનો સામે તેનો બચાવ કરવાને જયારે વખત આવે ત્યારે વેર લેવું.

જયારે ખોસરોપરવીઝની તાજપોશી થઈ હતી ત્યારે ઇરાની સરદારોએ હાજરી આપી હતી તેમાંના

એક સરદારની બેટી શીરીન હતી તેની તરફ ખોસરો પરવીઝનું ઘણુ ધ્યાન ખેંચાયું. શીરીનએક ખુબસુરત અબળા હતી. તેણીની ચામડીનો રંગ હાથી દાંત જેવો હતો ને જ્યારે તેનો પડછાયો સરોવરના પાણીમાં પડતો ત્યારે તેની ખુબરસુરતી એટલી બધી વધી જતી હતી કે પાણી પણ હાલતાં હતાં ને અજબ થતાં હતાં. તેણી સરવરના ઝાડ જેવી ઉંચી હતી ને ચાલવાની રીતપણ એટલી સરસ હતી કે તેનો પડછાયો પણ માણસને તેણી તરફ ખેંચી લાવતો તેણીનું કપાળ મોટું ને ચલકતું હતું. તેણીની આંખો તેજવાલી ને પ્રેમથી ભરેલી હતી. તેણીના ગાલો ભરેલા ને મોસમના પીચપર જે લાલાસ હોય છે તેમ તેપર લાલાસ હતો. તેણીના હોઠો પતલા ને ગુલાબના પુલોનીકાની બીડેલા હતા, જ્યારે તેઓ ઉંઘડતા ત્યારે દાંતો સફેદ મોતીની શેરનીકાની દેખાતા હતાં. તેણીના ગાલપર કાલો તલ હોવાથી ખુબસુરતીમાં એકદમ વધારો થતો. તેણીની ગરદન પણ પતલી હતી ને બલુ નસો દેખાડતી. તેણીઆંગે કદાવર હતી કારણકે તેણીએ પણ કસરતો કીધી હતી પણ તેણીનું કદાવરપણું માટીદા જેવું લાગતું ન હતું પણ એક ખુબસુરતીને તન્દરોસ્તીનો નમુનો હતો. તેણી શરમાલ હતી, ને સાથે ઘણી ચાલાક

ને તેજ મગજની હતી તેમ દરેક રીતે કેળવાયલી સુ:ખ દુ:ખ શું છે તે બરોબર જાણુતી. દુ:ખ વખતે પણ જબરી હીંમત દેખાડતી તેથી દુ:ખ દરે થઇ જતું. ને સુખ વખતે તેણીનો ચહેરો દલગીર માણુસ ને પણ સુખી બનાવતો. તેણી હસમુખી હતી પણ કેટલાંક બઇરાંઓ ઠીઠી કરે છે તેમ હતું નહીં. પણ તેની સોબતમાં તેણીના ખુશમીજાજથી માણુસનુ મન ખુશ થઈ જતું કારણુકે ખુદરતી કાયદો છે કે એક ગંભીર માણુસ મંડલીમાં આવે છે તો આખી મંડલી ગંભીર બને છે, ને હસમુખો માણુસ મંડલીમાં આવે છે તો આખી મંડલી હસમુખી બનાવે છે, જેમ કે અસલ એક દેવતા પોતે એટલું સુંદરવાજીંત્ર વગાડતો હતો કે ગાય ઢોર પણુ તેની પુઠે આવતા ને નાચતા. આવી એક નાર ખોસરોપરવીઝને પરણુવા લાયક હતી કારણુ કે બેઉના દીલો એક એકને મલતાં આવતાં. માણુસને પ્યાર ઉતપન થાય છે તે માત્ર ખાલી દેખાવ પરથી નથી થતો પણુ ગેબી રીતે એકએકના જીવો ખેંચાઈ રહે છે જેમ એકવાજીંત્ર વગાડનારો સળીઓ જયારે અવાજ કરે છે ત્યારે તેનો અવાજ તેવા બીજા સળીઆપર પડે છે તો તેપણુ અવાજ કરવા મંડે છે ત્યારેજ ખરો પ્રેમબાજે છે. તેઓએ એક બીજાને

સામેથીજ જોયાં હતાં ને બેઉ જણાને એકએક મળવાને તલબગાર હતાં. તે પ્રસંગ નીચે પ્રમાણે આવ્યો પાદશાહ ખોસરોપરવીઝ એક દહાડે જંગલી દુકકરો ના શીકારે પોતાના સરદારોની સાથે નીકળ્યો તેમાં શીરીનપણ સામેલ હતી. પાદશાહ પોતાના જાણીતા ઘોડાપર સવારી કરતો હતો ને તેની આસપાસ સૌથી સરસ શીકારી કુતરાઓ દોડતા હતા ને અમીરો ને સરદારો પણ હતા. જેવું દુકકરોનું ટોળું દેખાયું કે શીકારી કુતરાઓ તેનીપર એકદમ ધસ્યા ને તેની સાથે સરદારો પણ ખુશ ગેલમાં આવી ગયા ને આગળ ધસ્યા ને એકમેકથી છુટા પડી ગયા. ખોસરોપરવીઝ પણ છુટો પડી ગયો ને તેનો ઘોડો પુર જોસમાં દોડતાં એક ઉંચી જગાએ ઠોકડ ખાધી ને ખોસરોપરવીઝ ઉઠલાઇ ને જમીનપર પડી ગયો ને થોડોવાર બેભાન થઈ ગયો. પાછલ જે સરદાર આવતો હતો તેની સાથે શીરીન પણ હતી. જેવી તે પાદશાહ આગળ આવી ને પાદ-શાહને બેભાન હાલતમાં જોયો તેવી તેની સારવાર કરવા મંડી ગઇ. પહેલી જરૂર પાણીની હતી. સારા નસીબે બાજુમાં થોડે દુર પાણી હતું તે પેલો સરદાર લઈ આવ્યો ને શીરીને ખોસરોપરવીઝના મોહડાંપર છાંટયું ને ખોશરોપરવીઝ હુશીયાર થવા લાગયો ને

આંખ ઉંગાડતાનેવાર જયારે તેને શીરીન જોઇ ત્યારે જો કે તેના પગમાં દુઃખ થતું તોબી તે ભુલી ગયો ને પોતે પાણી પીવાની માગણી કીધી. જેવુ શીરીને પાણી આપ્યું કે તેના અંગમાં તાકાત આવવા માંડયુ ને તેને શીરીનનો બહુ આભાર માન્યો ને પોતાના સરદારો ને તેના ઘોડાપર બેસાડીને લઈ જવાનો હોકમ કીધો શીરીને તે ઘોડાપર બેસાડવાની મદદ કીધી ને મહેલમાં તેની માવ જત કીધી અને જયાં સુધી તે સારો થયો ત્યાં સુધી તેણી હાજર હતી. બાદશાહને તેણીના ભલા ગુણોની ખાતરી થઈ અને જયારે તેને પરણવાની માંગણી કીધી ત્યારે શીરીને તુરત કબુલ રાખી કારણ કે ખુદરતી તેનીના નસીબમાં રાણી થવાનુ લખેલું હતું. ખોસરોપરવીઝના લગન ઘણા ધામધુમથી કરવામાં આવ્યાં અને સઘળા ઇરાનીઓએ તેમાં સારો ભાગ લીધો. રઈયત પણ ઘણી ખુશી થઇ ગઇ કારણકે ખોસરોપરવીઝને તે ચહાતી હતી. ખોસરોપરવીઝ હજુ ઘણી મુશકેલીઓને સાંમે થવાનું હતું કારણ કે બેહરાંમચોબીનને ગાદીએ આવવાનો લોભ હતો.

પ્રકરણ ૫ મું

બેહરામચોબીન આપણે આગળ જોયું તેમ એક બહાદુર ને નીતીવાન સરદાર હતો. તેનો લશકરપર

સખત દોર હતો ને કોઇ પણ તેના હોકમો જે હમેશાં વાજબી હતાં તેને અનાદર કરવાની હીંમત નહિ કરતા. તે જયાંબી જતો ત્યાં જીત મેળવતો પણ જયારથી હોરમજદ બાદશાહે તેની પર વીશવાશ નહી રાખ્યો ત્યારથી તેનુ મગજ ફરી ગયુ હતું ને તેને પોતાના કોઉતને ગુણોથી ગાદીએ આવવાનો અભખરો હતો ને તે લોભ તેને એક જાદુગર સ્ત્રીએ આપ્યો હતો તે નીચલા બનાવપરથી માલમ પડશે. એક દીવસ લશકર સાથે કુચ કરતાં તે એક જાદુગર સ્ત્રીનું રહેથાન હતુ ત્યાં આવી લાગો. તે એક ખુદરતે કોતરી કાઢેલા ગુંફાની અંદર રહેતી હતી. તે ગુફા તરફ જવાનો રસ્તો ઘણો સાંકડો ને સાંપની માફક જતો હતો તેથી થોડેક ચાલ્યા પછી માણુસ ભુલભુલામરીમાં પડી જતો, પણ પેલી જાદુગર સ્ત્રીને તો તેની માહીતી હતી અને ખાસ તેણીએ એવી જગા સોધી હતી કે તેણી જે પોતાનાં હુનર અજમાવતી તેની કોઇને ખબર પડે નહી. જો તેણી પકડાઇ આવે તો તેને મોતની સજા થવાને લાયક હતી, કારણ કે જરથોસ્તી ધર્મનો કાયદો અસલથી જાદુની સાંમે હતો. બેહુરામચોબીનને આ રસ્તો કયાં જાય છે તે જોવાની જીજ્ઞાસા થઇ, જો કે તે જાણુતો હતો નહી કે તે રસ્તો જાદુગર સ્ત્રીના ગુફા તરફ લઇ જતો ને તે

બે ત્રણ સાથીઓ સાથે અંદર રસ્તો લીધો. દરેકના હાથમાં તલવાર ને ઉજાસને વાસ્તે મીનબતીઓ હતી. બીજું એક લશકરી સીપાહીની માફક ખોરાક ને દારૂ લીધો હતો કે કાંઈ અડચણ આવે તો ચાલી શકે. પહેલાં બેહરામને કાંઈ સુજ પડયું નહી તો પણ તેને આગળ વધવા માંડયું. સાથીઓને હુકમ હતો કે કાંઈબી સંજોગ વચ્ચે તેઓએ સાથેજ આવવું, જેથી કોઈ પણ ભુલો પડે નહિ, અને રસ્તામાં ભુખો મરે નહિ. આખરે પાએક કલાક ચાલ્યા પછી તે રસ્તો એક પથરનું બારણું બંધ કરતો હતો. તે કરામતી દરવાજો હતો ને તેનો ભેદ બેહરામે તુરત પોતાની હુશીઆરી થી સોધી કાઢયો ને આંચકા સહીત દરવાજો તુરત ઉઘડી ગયો, ને અંધારી આંખમાં એકદમ ઉજાસનો રેળો ધસી આવ્યો, ને તેઓને એકદમ ચકભમ કરી નાંખ્યા. જેમએક માણુસ નીચે કોલસાની ખાણમાં જઈ આવ્યા પછી ઉપર આવે છે, ત્યારેજ હવાને ઉજાસ જોય છે, ત્યારે બે ઘડી બેભાન થઈ જાય છે. દરવાજો ઉઘાડતા સમેત બેહરામે એક પહાડમાંથી અસલના રાજાએ કોતરી કાઢેલો બાદશાહીહોલ જોયો ને તે પહાડનું મથાલું ઉડારી મેલવામાં આવ્યું હતું, તેથી નીચે સુરજનો પ્રકાશ થતો. પહાડના બાજુએ સુંદર

પીલરો ઘડી કાઢવામાં આવ્યા હતા. ને વચોવચ્ચ માં રાજાનું પથરનું તખત હતું, તખતની સામે ને પછવાડે પહાડમાંથી કોતરી કાઢેલાં રાજાના પુતલાં હતા, જેથી જયારે દરબાર ભરાય ત્યારે રાજાને દરબા- રીઓ પણ પુતંલાં જોઇ શકતાં હતાં. તે રાજાનું પુતલુ કાંઈ સાધારણ સાઈઝનું હતું નહી, પણ ચારથી પાંચ ગણી માણસની સાઈઝનું હતું. એની મતલબ એ હતી કે તેથી રઇયત જયારે તે પુતલાંને જોતી ત્યારે તેને રાજાનો દોરદમામ યાદ દેવડાવાની હતી. આ બીસમાર હોલમાં પહેલી નજર બેહરાંમની ત્યાં એક મોઢાંપર કરચલીવાલી સ્રીપર પડી. તેણી તે તખતપર બેઠી હતી. આજુબાજુ નજર કરતાં એક બાજુએ મોટો લીલો સાંપ પડેલો હતો, ને બીજી બાજુએ મુવેલાં માણસનું હાડપીંજર પડેલું હતું, ને ત્રીજી બાજુએ એક મોટા વાસણમાંથી ચાલુ ધુમાડો નીકલ્યા કરતો. ચોથી બાજુએ એક આરસી સાધનો બોકસ હતો, કે જેમાં માણસ જે ભવીસનું જોવા માંગે તે જોઇ શકતો થોડોવાર આસપાસ જોયા પછી બેહરામને તુરત ખ્યાલ આવ્યો કે તે જાદુગર સ્રી હતી. ને તુરત પોતાના સાથીઓને તેણીને પકડવાનો હુકમ દીધો. તુરત પેલી સ્રી ઉભી થઇને હવામાં

કાંઇ પાઉડર ફેંકવાની તજવીજ કરે તેટલાંતો બહેરામ પોતાના સાથીઓની મદદથી તેણીના હાથો પકડયા ને તે પાઉડર ઝુટવી લીધો. તુરતજ બેહરામે તે સ્ત્રીને ત્યાંને ત્યાં કતલ કરવાનો હોકમ આપ્યો. જયારે તેણીએ તે હોકમ સાંભળ્યો, ત્યારે તેણી ધ્રુજવા લાગી પણ હીંમત પાછી પકડીને તેણીએ બેહરામને કહયું. 'અય સરદાર તું જો મારૂં જીવન દાન બક્ષે તો હું તને તારૂં ભવીશ કહું.' બેહરામ ને ખુદરતી જેમ દરેક માણુસને હોય છે, તેમ ભવીશ સાંભલવાનું મન થયું તેથી તેણીને જીવતદાન બક્ષવાને તે કબુલ થયો. તે સ્ત્રી તુરતજ તખતપરથી ઉઠીને જે વાસણમાંથી ધુમાડો નીકલતો હતો, તેની આગળ આવી. તેણી ખુંધી ને કદરૂપી હતી, સાથે તેણીનો લેબાસ ફાટોતુટો હતો. તેથી સામાં માણુસ ને તેણી એક ખરેખર જાદુગર સ્ત્રી દીસતી હતી, ને સામાં માણુસનાં મનમાં ભય પેદા કરતી હતી. તે વાસણમાં તેણીએ પોતાનું મોંઢું નાખ્યું ને ધુમાડો દમમાં લેવા માંડયો. બે ત્રણ મીનીટમાં તેણીના ચહેરાપરની લાઇનોએ જોર પકડવા માંડયું, ને તેણીએ પોતાના હાથને મોઢું તાણુતોડ કરવા માંડયું. બીજી બેત્રણ મીનીટમાં પોતાનું ભાન તેણીએ ગુમાવી દીધું, ને ઘણા જોસ ને ગુસ્સામાં એક ગાંડા માણુસ

ની માફક તેણી આરસી તરફ ધસીને આરસીમાં બેહરામનું નામ દેતાંવાર તેણીને બહેરામનું ભવીશ દેખાયું, ને તેણી ખુશી થઈ ગઈ એક પલવાર, ને બીજીવાર તેણીનો ચહેરો ફીકો મારી ગયો, ને તેણી જોસમાં પોતાના હાથો ઉંચા કરીને બેહરામ તરફ જોઇને બોલી 'અય સરદાર, તું ઇરાનના તખતપર આવશે, પણ તારી ગાદી નીભશે નહી ને છેલ્લાં તારૂં ખુન થશે.' આટલુ બોલી ને તે સ્ત્રી ત્યાં પડી ગઇ ને પડી જતાંનેવાર તેણી પોતાની અસલ હુશીઆરી માં આવી ગઈ. બહેરાંમે તેણીને જીવતી રાખી પણ તેણીને તુરત દેશમાંથી બહાર નીકલી જવાનો હુકમ કીધો. બેહરામ ત્યાર પછી જે જાદુની ચીજો હોલમાં હતી તેનો નાશ કીધો ને પોતાના સાથીઓ સાથે ગુંફામાંથી તુરત બહાર નીકલી આવ્યો. આ ભવીશ વાણીપર બહેરાંમે તે વખતે કાંઈ ધ્યાન આપ્યું નહી. કારણ કે એવી ચીજોપર તેનો ભરોસો હતો નહી. પણ જયારે તેને રાજા થવાનો લોભ થયો ત્યારે તે જાદુગર સ્ત્રીની યાદ તેને આવી, ને તેને ઈરાનની ગાદી લેવાનો મકકમ થરાવ કીધો કારણ કે તે જાણતો હતો કે તેની જીત થશે. તેને એક મોટું લશકર એકઠુ કીધું ને ખોસરોપરવીઝની સામે લઇ ગયો. ખોસરો

પરવીઝે તેને ઘણો સમજાવ્યો પણ તેને લડવા માંડયું. ખોસરો લડાઈમાં હારી ગયો, ને પોતાના મામાઓ સાથે નાસવા માંડયું. તેના મામાઓને નાસતાં નાસતાં હોરમજદ બાદશાહનું ભાન આવ્યું તેથી નાસવાનું માંડીવારીને હોરમજદના મહેલ તરફ ચાલુ મુકયું, ને હોરમજદ બાદશાહની આગળ આવી લાગ્યા. તે આંધળો બાદશાહ એમ સમજયો કે તેનો છોકરો આવ્યો છે તેથી ખુશી થયો, પણ જયારે ખોસરોના મામાઓનો સાદ તેને સાંભલ્યો ત્યારે તેને એકદમ ભય લાગી, ને તે ઉભો રહી ગયો. ખોસરોના મામાઓએ તેને કહયું, 'અય કમબખત બાદશાહ' હવે તું છેલ્લી બંદગી કરીલે ને તારા પાપોને વાસ્તે ખોદા પાસે માફી માંગ ' એમ કહીને તેના બરડામાં તલવારો ખોસી કાઢવામાં આવી. ખોસરોપરવીઝના નામ સાથ તે કમનસીબ બાદશાહે મોટી ચીચીઆરી પાડીને થોડી મીનીટમાં પોતાનો જાન ખોદાને સ્વાધીન કીધો. આ કામ કરીને ખોસરોના મામાઓ ખોસરો તરફ આવ્યા. જેવું તેને પોતાના બાપનું ખુન સાંભલ્યું, તેવું તેને પોતાના મામાઓ તરફ અભાવ દેખાડયો ને પોતાના મનમાં વખત આવે ઘટતી સજાએ તેઓને પહોંચાડવાનો ઠરાવ કીધો.

હુમણાંતો તેને નાંખતી કીધી કારણ કે તેને બેહરામ થી નાસવાને તેના મામાઓની મદદ જોઈતી હતી ને તેને રોમ તરફ નાસવા માંડયું.

પ્રકરણ છ ઠું.

જયારે ખોસરોએ નાસ ભાગ કીધી ત્યારે બહેરાંમે જોયું કે તેની સામે કોઈ હતું નહી, ત્યારે ઇરાનની ગાદીએ આવવાનો તેને તુરત થરાવ કીધો. પણ જો તે ઇરાની અન્જુમનની સમતી વગર બેસે તો તેને ગાદી ટેકાવી રાખવી મુશકેલ પડે તેથી તેને અનજુમન બોલાવીને પોતાનો લાગવગ ને પૈસો વાપરીને પોતે ઈરાની બાદશાહ તરીકે નેમાયો. હવે આપણે ખોસરો શું કરતો હતો તે તપાસીએ તે પોતાની માનીતી શીરીન સાથે રોમ તરફ છુપાવેશ માં આવી લાગો. લડાઈ તેમજ સુખ દુઃખમાં તેની શીરીન તેને મદદ થતી ને હમેસાં સાથે રહેતી. જે વખતે ખોસરો રોમ તરપ્ આવી લાગ્યો, ત્યારે ત્યાં મોટો તહેવાર હતો ને તહેવારની ખુશાલીમાં રમત ગમત ને લશકર બાજીનો મોટો મેલાવડો હતો. જેમાં રોમનોનો શેહેનશાહ મોરીસ પણ ભાગ લેતો હતો. મોટાં ખુલ્લા ચોગાનમાં હજારો માણસો જોઈ શકે તેવી ખુલ્લી બીલડીંગ હતી. તેમાં બેઠકોની

દરેક હાર નાટકશાળામાં જેમ બેઠકો ગોઠવી હોય તેમ ગોઠવી હતી. સૌથી વચલી હાર થોડીક ઉંચાઈએ બાદશાહી ખાનદાનને વાસ્તે હતી, ત્યાં એક તખત મુકવામાં આવ્યું હતું, ને તેનીપર છત્રી હતી તેથી બાદશાહના માથાપર તડકાથી બચાવ થાય. આજુ બાજુની બેઠકો અમીર ઉમરાઓને રાજયના મોટા અમલદારોને વાસ્તે હતી. જયારે સામેની બેઠકો સાધારણ માણસો માટે હતી. આ ગોલ બીલડીંગને ચાર મોટા દરવાજા હતા. તેમાંથી એક દરવાજો બીલડીંગમાં જાનવરો લાવવાનો હતો, કે જેઓને રમત ગમતમાં ભાગ લેવો પડતો. જેવો શેહેનશાહ મોરીસ બીલડીંગમાં દાખલ થયો કે મોટો ઘંટ વગાડવામાં આવ્યો તેના અવાજથી મોતને બીછાણે જેવી ચુપ કીદી હોય છે તેવી પંથરાઇ. થોડીક મીનીટ અગાઉ ત્યાં મધમખના જેવો ગણુગણાટ હતો, ત્યાં સરોવરના પાણી જેવી શાંતી ફેલાઈ રહી. જેવો શેહેનશાહ મોરીસ દાખલ થયો તેવું હજારો માણસોએ ઉભા રહીને નમન કીધું. જેનો દેખાવ જેમ ભર દરીઆમાં મોટા મોજાઓ આવે છે ને પછી બેસી જાય છે તેવો હતો. શેહનશાહે બેઠક લીધા પછી રમતગમતો શરૂ થઇ. પેલી બાબદ સૌથી સરસ શેહેનશાહતમાં ઘોડાઓ હતા તે લાવવામાં આવ્યા ને ચુંનદા સરદારોએ

તે ઘોડાઓ જે પુર જડપમાં દોડતા હતા તેપર વગર જીને સવારી કરતા હતા, એમાં અકસમાટથી કોઈ સરદાર પડી પણ જતો હતો. તેને તુરત ઉંચકી સાર વાર કરવામાં આવતી. બીજી બાબદ એક બીન કેળ-વાયલા ઘોડાપર સવારી કરવાની હતી. એ ઘોડો કોઇને પણ બેઠક લેવા દેતો નહી, ને બેસનારને ઉડારી નાંખતો હતો. આવા ઘોડાને કાબુમાં લાવવા ઘણા સરદારોએ જેહમત ખેંચી પણ નીશફળ નીવડયા, અને ઇજા પામ્યા. અંતે શેહેનશાહ મોરીસે કોઈ પણ બીલડીંગ માંથી આવીને આ ઘોડાને કાબુમાં રાખવામાં આવે તો મોટું ઇનામ આપવાનું જાહેર કીધું. ઘણાઓ સરદારો જયારે ફાવ્યા નહી તો પોતે શું ફાવશે તે વીચારથી બીચકી ગયા, પણ અંતે ખોસરોપરવીઝ એક સાધારણ ઇરાની તરીકે બહાર આવ્યો ને ઇનામ જીતવાને જીપલાવ્યું. પહેલાં તો તેને જોઇને અને તે ઇરાની હોવાને લીધે હસવા લાગ્યા કે એનાથી કાંઈ વલશે નહી. પણ શેહેનશાહ મોરીસે તેને પોતાનું નસીબ અજમાવા કહયું. ખોસરોપરવીઝનો ઘોડાપર નો કાબુ સંપુરણ હતો, કારણકે લડાઇને વાસ્તે એવા સેંકડો જાનવરોને ઠેકાણે લાવ્યો હતો. પહેલાં તો તે જાનવર સામે તે એકદમ ધસી ગયો ને તેને શાંત પાડયું, ને તેનું મન બીજે ઠેકાણે દોડાવીને તેનીપર

સવારી કીધી. જયારે જાનવરે જોયું કે તેને ઠગવામાં આવ્યું છે ત્યારે તેને એક મોટી છલાંગ મારીને ઓસરોપરવીઝને નાખી દેવાની કોશેશ કીધી, પણ ઓસરોએ સમ્યસુચકતા વાપરીને એવી એક તેની આંખપર લપડાક લગાવી કાઢી કે તે જાનવર પણ સમજી ગયું કે મારે માથેનો કોઇ છે ને કાંઈ પણ હરકત કીધી નહી. આવી હીંમત ઓસરોપરવીઝની જોઈને સૌ લોક હેરત થઈ ગયું, ને તાલીઓના અવાજ થી તેને વધાવી લીધો. બીજી બાબદ શેહેનશાહતના બહાદુર સખસોની કસરતો હતી, તેમાં કોઇ કોઈ કસરતો માણસોને દંગ કરતી ને માણસોની સારીરીક શકતી ને કેટલી હદ સુધી ખીલવી શકાય તેનો ખ્યાલ આપતી ને જેમ એક માણસ ધંધામાં વરસોની માહીતી સાથે પુવ્રીણ થાય છે તેમ શરીરપણ બરોબર કાલજી રાખવા સાથે કેટલું મજબુત થાય છે ને ખમી શકવાની શકતી ધરાવે છે તેનો ખ્યાલ આવે છે. ચોથી બાબદ લશકરી નાચની હતી. એમાં શેહેન-શાહતના દુરના ભાગોના લશકરોના નાચ હતા જેમાં તેઓના સુંદર લેબાસો ને હાથમાં નાગી તલવારોના જળકાટ ને પડગમોના અવાજનો દેખાવ છક કરી નાંખતો હતો. બીજો નાચ આફ્રીકાના લશકરનો હતો, જે યુરોપીઅન રૂઢીથી તદન જુદા પ્રકારનો

હોવાથી લોકોને ગમત આપતો હતો. હબસીઓ ભાલા અને ઢાલ સાથે લડાઇનો નાચ કરતા અને ભાલાઓ હવામાં ઉડારીને સીફતથી જીલી લેતા હતા. પાંચમી બાબદ તલવારબાજીની હતી. મોતની સજા પામેલા કેદીઓને તલવારથી લડવા શીખવવામાં આવતું, અને એક બીજા તલવારબાજી ખેલતાં અને જો અરધા કલાકની અંદર એવી સરસ રીતે રમતા કે કોઇને પણ ઇજા થતી નહી, તો તેઓને મોતની સજામાંથી છુટકારો કરીને જન્મ દેશનીકાલની સજા કરવામાં આવતી હતી. છઠ્ઠી બાબદ તીરથી આબાદ નેમ લેવાની હતી. જમીનમાં દાટેલી એક લાકડીના માથાપર શેબ ફલ મુકવામાં આવ્યું હતું, ને તીરથી તેને ઉડારી મુકવાનું હતું. શેહેનશાહતના ઘણા સરદારોએ આબાદ નેમ લેવાની ઘણીબી કોશેશો કીધી પણ તેમાં તેઓ નીશફળ નીવડયા. આખરે ખોસરોપરવીઝ બહાર નીકલ્યો ને શેહેનશાહની ખાસ પરવાનગીથી તેને આબાદ નેમ લઇને એકજ તીરમાં તે શેબફળને ઉડારી મુકયું. રોમનો ઘણા ખુશ થઇને વાહ પોકારવા લાગ્યા પણ બીજી ગમ રોમન સરદારો ખોસરો પરવીઝના ઘણા અદેખા થયા ને આ કોઈ સાધારણ ઈરાની ન હોય તેમ તેઓને લાગ્યું. પણ હાલ તેઓ ચુપચુપ બેઠા. સાતમી બાબદ સીંહની સાંમે બહાદુરી

દેખાડવાની હતી. આપૂરીકાના એક વીકાળ સીંહને અંદર ચોગાનમાં છુટો મુકવામાં આવ્યો હતો. જેવું તે જાનવર અંદર આવ્યું કે તેની સામે થવાનું હતું અને તેને મારીનાખવાનું હતું. આનેવાસ્તે શેહેનશાહે મોટું ઇનામ જાહેર કરયું હતું. કોઇને પણ પોતાનો જાન આપવા ગમતું હતું નહી, તેથી સૌ કોઈ ડરી ગયું ને હીંમત કીધી નહી. પણ તેટલાંમાં સીંહ જે ચોગાનમાં હતો તે હજારો માણસોની મેદનીથી ગભરાઈ ગયો ને બહાર રસ્તો કુડવાનો તજવીજ કરવા લાગો. તે એક મોટી છલાંગ મારીને ટોળામાં પડયો. લોકોમાં ઘણો ગભરાત થઈ રહયો, ને જેમ પાણીમાં એક પથરો નાંખે છે. ત્યારે ત્યાં ખાડો પડીને આજુબાજુ પાણીના કુડાંળા થાય છે, તેમ લોકો તે જગ્યાએથી નાસીને દુર જવા માંડયું. એ ગભરાટમાં સેંકડો માણસોનો કચડઘાણ નીકલી ગયો જો કે સીંહ તો કુદીને એકજ જગાએ ઉભો હતો. ખોસરોપરવીઝ જે બાજુમાં હતો, તેને આ મામલો જોઇને એકદમ તલવાર સાથે સીંહ પર હુમલો લઈ ગયો. જયારે સીંહે પોતાનો દુશમન જોયો, ત્યારે તે ખોસરોપરવીઝપર હુમલો કરવાની તૈયારી કરતો હતો, તેવામાં ખોસરોપરવીઝ સમય સુચકતા વાપરીને તલવારના એકજ જટકાથી તે સીંહનું દોકુ ઉડાડી દીધું, ને જીવતું દોકું ચોગાનમાં જઈ

ને પડયું, જયારે સીંહનું શરીર એક માલ જેટલું તે જગાએ ઉછલ્યું. જેવું લોકોએ સીંહને મુવેલો જોયો તેવી તરતજ ધીરજ આવી, અને લોકો એટલાં ખોસરોપરવીઝના હેસાનમંદ થયાં કે તેઓ ઉંચકીને પોતાના શહેનશાહ આગળ લઈ ગયાં. શેહેનશાહે ખોસરોપરવીઝને તે કોણ હતો તે ખરેખરૂં કઇ દેવા નો હુકમ કીધો. ખોસરોએ પોતાની ઓળખ આપી ત્યારે શેહેનશાહ મૉરીસ ઘણો ખુશી થઈ ગયો, અને તેને ખોસરોપરવીઝના દરજજા પ્રમાણે મહેમાનદારી કીધી. આ વખતે જે એક ઓરત જે ખોસરોપરવીઝ ના દેખાવથી અને કામોથી ફીદા થઇ હતી તે શેહન-શાહની બેટી મેરાયા હતી. જયારે તેણીએ જાણ્યું કે તે ઇરાનનો શેહેનશાહ હતો, ત્યારે તેણીએ પોતાના બાપને ખોસરોપરવીઝ સાથે પરણાવા કહયું. ખોસરો પરવીઝ શેહેનશાહ મોરીસની મદદ પોતાને ઇરાનના તખતપર બેસાડવા માંગી પણ શેહેનશાહ મોરીસે મદદ એક સરતે આપવા કહયું, કે પોતાની છોકરી મેરાયા સાથે લગન કરે. જેવું ખોસરોપરવીઝે આ સાંભળ્યું તેવું તેનો જીવ ઘણો રંજીદા થયો, પણ રાજ દ્દવારી કારણસર તેને તાબે થવાનું હતું. તે શેહનશાહ ની માંગણી સ્વીકારે તેની અગાઉ તેને પોતાની માનીતી શીરીનની મુલાકાત લેવાનો ઠરાવ કરયો.

જેવો ખોસરોપરવીઝ શીરીનના ઓરડામાં દાખલ થયો તેવીજ શીરીને તેને નમન કરીને વહાલથી ભેટી, પણ તેનો ઉદાસ ચહેરો જોઇ અને હમેશની રીત ભાતમાં ફેરફાર જોઇ તેને પુછયું ' કેમ વ્હાલા, આજ તબીઅત થીક નથી ' ખોસરોપરવીઝે જવાબ દીધો મારી તબીઅતતો બરોબર છે. પણ મારૂં દીલ જે અત્યાર સુધી એક બાજુ છે તે સંજોગોને લીધે બેઉ તરફ વહેંચાઇ જાય છે. એનો મીનીંગ એમ થાય છે કે મને ઇરાનનું તખત મેલવવાને ખાતર થોડો ભોગ આપવો પડે છે. મને શેહેનશાહ મોરીસે જો તેની બેટી સાથે હું લગન કરૂં તો મદદ કરવા કબુલયું છે. જેવું શીરીને ખોસરો પરવીઝના મોહડે સાંભલ્યું તેવુંજ તેણીને એક વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ તે એક પલવારમાં બેહોશ થઈ પણ તે બહાદુર સ્ત્રી હતી. તેથી તુરતજ મનપર કાબુ લાવીને હુશીઆરીમાં બોલી, ' જો કે હું ઓરત ' જાત છેઉં, ને ધણીને મદદ ગારને તાબે થાઉં છુ તોબી હું આ તમારા પગલાં તરફ ધીક્કાર બતાઉં છું. ને હજુબી હું તમો આ કામ હાથ ધરો તેની અગાઉ સો વખત વીચાર કરવા કહું છું. મારૂં સાંભળશો તો સુખી થશો. નહી તો જીંદગી માં બહુ હેરાનગતી થશે. દુન્યામાં પરવરદેગારે એક માણસને પેદા કીધો છે, તેમ તે જીંદગીમાં મદદ

કરવા અને આ દુન્યાયી કારોબાર ચલાવવા પણ એક સ્ત્રીને પેદા કીધી છે. પરવરદેગારે તેને આંખો ને મગજ આપ્યું છે, તેથી તે પોતાના હમેશના સાથીને પોતાની પસંદગી પ્રમાણે કબુલ કરે છે, ને એક એક નો પ્યાર બેઉજણા વચ્ચે સંધાય છે, એવો ખુદરતી કાયદો છે, ને તે સાંકળને જો મરદ અથવા ઓરત બીજાને લાવીને તોડવા માંગે છે, તો તે કદીબી સુખી થઈ શકતો નથી,-કારણ કે ગમે તેવી જાહોજલાલીને સુઃખ છતાં ફેતનો ફીસાદ ઉભો થાય છે, ને તેના મોજાઓના મારથી માણસ અકલાઇ જીકાઇને ઠેકાણે લાગી જાય છે. તમારા આ બીજા લગનથી મારો પ્યાર તમારી તરફ ઓછો થવાનો નથી, પણ તમારી જીંદગી બેઉની અદેખાઈ અંતસમાં કાયર થશે ને તમો કદીબી સુખી થઇ શકશો નહી, એ પાછલા બનાવો દેખાડી આપશે'. એટલું બોલીને શીરીન ચુપ થઈ ગઇ, ને શેહેનશાહ ખોસરોપરવીઝ વીચાર કરવા લાગ્યો. એકગમી તેનો અખંડ પ્યાર હતો ને બીજી ગમી ઈરાની તખત હતું. કોઇબી રીતે બીજી બાબદ ઘણી અગતની હતી, તેથી પહેલીનો ભોગ આપવાનો હતો. તેથી તેને શીરીનને પોતાના વીચાર ફેરવી શકતો નથી, તેની ઘણી દલગીરી દેખાડી અને ઘણા ઉદાસ મન સાથે તે ઓરડો છોડી ગયો. આજુબાજુએ

શીરીને પોતાનો સુખનો સુરજનો પ્રકાસ પણ ધીમો થતો જોયો અને પાછલી જીંદગીમાં કાવાદાવાનો ભોગ થવાનો સ્વપ્નો જોવા લાગી, ત્યારે તેના મનપર કાબુ રહયો નહી, ને તેણી પુશકળ રડવા લાગી. પણ તુરત શાંત થઇ ગઇ.

પ્રકરણ ૭ મું

શેહેનશાહ મોરીસે ખોસરોપરવીઝને લશકરની મોટી મદદ આપી, તે સાથે પુશકળ ખજાનો આપ્યો ને જો તેને હાર મલે તો તેની તરફથી તે લડવાને તૈયાર થયો, ને તેને કાંઇબી કરીને ગાદીએ બેસાડવાનો હતો. ખોસરોપરવીઝે બેહરામને ત્રણ વખત લડાઇમાં ઉતારયો ને તેને સખત હાર આપી. બેહરામે જોયું કે હવે ઈરાનમાં રહેવાનું સલામત નથી, તેથી તેને તુર્કસ્તાન તરફ માર્ગ લીધો. જયારે તુર્કસ્તાનમાં તે દાખલ થયો કે તેને યાદ આવ્યું કે ત્યાંના ખાન તરફ અગાઉ તે ખરાબ રીતે વરત્યો હતો, તેથી તે તેની તરફ હમણાં કેવી ચાલ ચલાવશે તેની ધાસ્તી પડવા લાગી. ત્યાંના ખાન પરમુદેએ જયારે તેની આવવાની ખબર મલી ત્યારે તેને પોતાના મહેલમાં બોલાવી મંગાવ્યો, ને તેની હાર થઈ તે તરફ દીલસોઝી દેખાડી ને પોતાના માણુસોને તેની આગતા વાસ્તા તેના

દરજ્જા પ્રમાણે કરવા કહ્યું, આ રીતભાતની બીલકુલ આશા બેહરામે રાખી નહિ હતી. પણ જયારે તેના પડતા વખતમાં પરમુદેએ જો કે બેહરામે પરમુદે તરફ ખરાબ ચાલ ચલાવી હતી, આવી વર્તણુંક દેખાડી હતી, ત્યારે બેહરામને ઘણું લાગી આવ્યું તે શરમીંદો થઈને ચાલી ગયો. બેહરામ આગળ પોતાનું કામ ચલાવે તેટલાં કોઈ તેના દુશમન જયારે તે નાઠો હતો, ત્યારથી તેનીપર વેર લેવાની તજવીજ કરતો હતો, તે અહીંઆં પરમુદેના મહેલમાં પણ આવી પુગો ને પરમુદેની ઘણી સંભાળ છતાં બેહરામનું ખુન કીધું. આ પ્રમાણે એક બહાદુર પણ આકળા સરદારનુ તેના લોભને ખાતર આવું મોત આવ્યું. તેને જો ખોસરોને ચાલુ મદદ કરીઆ કીધી હોતતો ખુસરોને બી મજબુતી મલવા સાથે તે પણ સુખી થયો હતે, પણ જાદુગર સ્રીના શબ્દોએ તેને લોભાવ્યો ને તેનું મન ફેરવ્યું, પણ તેજ જાદુગર સ્રીના કહેવા પ્રમાણે તે તખત ટેકાવી શકયો નહી, તેથી તેને પહેલો વીચાર કીધો નહિ. કારણ કે લોભ જો તે નીશફલ નીવડે તો તેની શી હાલત થાય છે, તેનો કાંઈબી ખ્યાલ આપતી નથી, જેમ કે ખુનપર ચઢેલો માણસ તે શું કરે છે તે જોઈ શકતો નથી. જયારે ખોસરો પરવીઝે બેહરામના આવા હાલની ખબર પડી ત્યારે

તેના મનને નીરાંત થયો કારણ જો કે તે બેહરામ નો દુશમન ન હતો, તોપણ જે મોટી શકતી તેની સાંમે થયા કરતી હતી, તેનો અંત આવ્યો હતો. બીજી નજર ખોસરોએ પોતાના મામાઓ તરફ દોડાવી. આ ચંડાલ મામાઓની મતલબ ખોસરો ને બહેરામ લડીને ખલાસ થાયતો તેઓને ગાદી મલે તેવી ખાહેસ હતી, પણ જયારે ખોસરોની જીત થઇ ત્યારે તેઓ બેહરામને મદદ આપવા ગયા, ને જયારે બેહરામની ત્રીજી લડાઇમાં હાર થઈ ત્યારે તેઓ ખોસરોને હાથે કેદ પકડાયા, ને તેઓને ખોસરોએ પોતાનું બાપનું ખુન કરવાનો તેઓનીપર આરોપ મુકવામાં આવ્યો, તેઓને મોતની સજા કરવામાં આવી ને જેવી રીતે તેના બાપને તેઓએ આંધળો કીધો હતો, તેજ પ્રમાણે તેઓને આંધળા કરીને મારી નાંખવામાં આવ્યા. તેઓએ મોટી મોટી ગણત્રી કરીને ખોસરોને નરમ ઘી જેવો પોતાના જોરથી કરવાની હતી, પણ ખોસરો ગમે તેવાં દુઃખ ની દરકાર કરતો હતો નહિ. ને જો કે સાંકળ ઘણી મજબુત હતી, તોપણ તેની એકેક કડી તોડતો ગયો હતો, ને આખરે આખી સાંકળ પૈસા ને જોર ને કુટુંબથી મજબુત હતી તે અંતે બદીથી તુટી ગઇ, ને મામાઓની ગુમાની ચાલી ગઇ. ખોસરો

પરવીઝના ઇરાનના તખતપરના દુશ્મનો તારાજ થઇ ગયા, અને હવે ઘરના દુશમનો નરમ થઇ જવા સાથે તેના બહારના દેશના દુશમનો સાથે કામ લેવાનું હતું. પણ તેમાં તેના દેશને તેને ઘણો કીર્તીવંત બનાવ્યો ને પુશકળ ખજાનો લાવ્યો આ બહારની કીર્તીમાં તેના ઘરના દુશમનો પણ થોડા વખત તેના દોસ્ત થઇ જઇને ઈરાનની કીર્તીમાં વધારો કીધો. મેરાયા સાથના લગનથી રોમનો અને ઈરાની વચ્ચે જયાં સુધી શેહેનશાહ મોરીસ જીવતો હતો, ત્યાં સુધી સુલેહ રહી પણ પછી શેહેનશાહ મોરીસનું ખુન કરવામાં આવ્યું, અને ખોસરોપરવીઝે તેના ખુનીઓને શીક્ષા કરવા કહયું પણ રોમનોએ કાંઇ કીધું નહિ, તેથી શેહન-શાહ ખોસરોપરવીઝે રોમનો સામે લડાઇ જાહેર કરી ને પોતે તેલોકોના મુલ્કમાં જઇ મોરીસના ખુનના વેર લેવાનો વીચાર કીધો. ખોસરોપરવીઝના સરદારો એકદમ રોમન શેહેનશાહતપર અચબુચ હુમલો લઈ ગયા. રોમનો બેઉ શાહેનશાહતની દોસ્તી ને લીધે પોતાનો બચાવનું લશકર દરેક મુલકમાં ઘણું રાખ્યું નહિ હતું, તેથી ખોસરોનું લશકર ઘણું ફાવી ગયું. સીરીયા, આરમીનીઆ, પેલેસ્તાઈન અને ઇજીપ્ટ ઘણું સપાટામાં જીતી લેવામાં આવ્યું, અને

શેહેનશાહ ખોસરોનું લશકર કોનસતનતીનોપલ નજદીક ચાલ્સીડોન શેહેર સુધી આવી લાગું. રોમનો ઘણા ગભરાતમાં પડયાં કારણ કે જો ચાલ્સીડોન પડે તો કોનસતનતીનોપલ ધાસ્તીમાં આવી પડે અને સાથે રોમન શેહેનશાહત પણ પડી ભાંગે, તેથી રોમનોએ એ શેહેરનો બચાવ કરવા પુશકળ લશકર એકઠું કીધું. જેવી રોમનોને ખબર પડીકે તે લોકો હારતા જાય છે, તો તેઓ પોતાનું રીઝરવ લશકર આ શેહેરમાં એકઠું કરવા માંડયું, ને છ મહીના ચાલે તેટલો ખોરાક તેમાં ભરી રાખ્યો ને શેહેરની આસપાસની દીવાલ ઘણી મજબુતો કરવામાં આવી. ચાલ્સીડોન શેહેર એક નાનું શેહેર હતું, તેથી રોમનોએ પોતાના ગંજાવર લશકરને વાસ્તે લોકોને પંદર દહાડામાં ખાલી કરાવ્યું. બીચારા લોકોની હાડમારીનો પારજ રહયો નહિ. પૈસાવાલા લોકોતો પોતાના જરજવાહેરત લઈને બીજા શેહેર તરફ હેરયું લીધું, પણ માર્ગમાં લુટારાઓ ને હલકા લોકો એ તેમને લુટી લઈને થોડાને મારીબી નાંખ્યા. તેથી તવંગર માણસ જે ગઈકાલે પોતાને પૈસાવાલો ને સુખી ગણુતો હતો, તે તંગદસ્તીને કંગાળ હાલતમાં આવી પડયો. વચલેવાંધેના માણસોએ પોતાના બીછાણા થોડા વાસણો જે લેવાયું તે લઈ

ને બીજાં શહેર તરફ ચાલવા માંડયું, તેમાં કેટલાંકો મુસાફરી ને રંજથી મરણ પામ્યા. જે ગરીબ લોક હતું, તેનેતો ત્યાંજ વાસો કીધો, કારણ કે તે લોકો ને મનસે આ શેહેરમાં મરવું કે બીજીગમ મરવું તે એકસરખું હતું. શેહેરમાં એટલો બધો ગભરાત અકરાત થઈ ગયો હતો, કે વ્યવસથા જેવું કાંઈ રહયું હતું નહિ, ને લુચ્ચા લોકોને ઘણું ફાવીતું પડીગયું હતું. મારે તેની તલવાર જેવો દેખાવ થઈ રહયો હતો. ઈરાનીઓનું લશકર ધસ્તું ધસ્તું ચાલ્સીડોન સુધી આવી પુગું, ત્યારે તે લોકો ને મજબુત અટકાવ પડયો. ખોસરોપરવીઝે આ શેહેર આસાનીથી લેવાની આશા હતી. પણ જયારે તેનો પુશકળ બચાવ જોયો, ત્યારે પોતાના લશકરને રોમનોને બહાર કાઢવાને વાસ્તે પાછળ હઠવા કહયું, પણ રોમનો આ દાવ સમજી ગયા, તેથી તેઓમાં નો એકબી માણસ બહાર આવ્યો નહિ. ખોસરોએ જોયું કે કાંઈ વલે નહિ, તેથી તેને પોતાના લશકરને પાછું આગળ વધવા કહયું ને શેહેરને ઘેરો ઘાલવા ની તૈયારી કરવા માંડી.

પ્રકરણ ૮ મું

ખોસરોપરવીઝે પહેલાં દીવાલના ચાર દરવાજા તોડવાની કોશેશ કીધી. તે દરવાજા મજબુત જાડા લોખંડના બનાવેલા હતા. ને તેના બચાવને વાસ્તે આંતરે આંતરે લોખંડની જાડી પટીઓ મારવામાં આવી હતી, તેથી તેનો બરોબર બચાવ થાય. રોમનો એટલા હુશીઆર હતા. કે શેહેરની અંદર થોડે દુર બીજી પણ દીવાળ બાંધી હતી, ને તેમાં પણ લોખંડી દરવાજા હતા, તેથી દુશમનનું જોર જેટલું ભાંગી શકાય તેટલું હતું. ખોસરો પોતાના હાથીઓ લાવીને તેઓનામાંથાથી દરવાજા ભાંગવાની કોશેશો કીધી, તેમાં તે ફાવી શકયો નહિ. તેથી તે વીચાર તેને માંડી વાળ્યો. બીજો વીચાર તેને મજબુત સીડીઓ બનાવી ને પોતાના લશકરને દીવાલપર ચડાવાની કોશેશો કરવા માંડી, પણ ઉપરથી રોમનોએ પથરાઓનો મારો એટલો જબરદસ્ત ચલાવ્યો કે ખોસરોના ઘણા માણુસોની ખુવારી થઇ, ને થોડા માણુસોએ દીવાલ નો ઉપર કબજો લીધો, પણ રોમનો મોટો ધસારો લઈ આવ્યા તેથી તે માણુસોનો કચડઘાણ નીકલી ગયો. ને ખોસરોએ આ વીચાર પણ પડતો મુકયો કારણ કે નાહકના એના માણુસો મરી જતા હતા. ત્રીજો વીચાર તેને દીવાલનો પાયો ખોદી નાખીને

દીવાલમાં બાકોરૂં પાડીને અંદર ઘસવાનો હતો. તે રાતને વખતે કામ ચાલતું હતું, તેથી રોમનોને તેની કાંઈ પણ ખબર પડતી હતી નહિ, પણ રોમનો બાંધ કામની અંદર ઘણા હુશીઆર હોવાથી તેઓએ પાયો ઘણો ઉંડો ને જાડો લીધો હતો. ને તેની અંદર એવો ચુનો લીધો હતો કે ખોસરોની એક મહીનાની કોશેશ પણ નીશફળ ગઈ. ચોથો વીચાર તેને મોટા પ્લેતફોરમ સાથના ઉંચા ગાડાંઓ તૈયાર કરાવ્યાં અને પુલીઓની મારફતે નીચેથી મોટા પથરાઓ તે પ્લેત ફોરમ આવી પડતા ને ત્યાં લીવરની એવી કરામત કરવામાં આવી હતી, કે તે પથરાઓ ઉંચે જઇને શેહેરની અંદર પડતા ને રોમનોનો કચ્ચડઘાણ કરતા. પહેલાં પહેલાં રોમનોએ ઘણો માર ખાધો પણ પછી તે લોકોએ પોતાના બચાવને વાસ્તે ભોંયરાઓ કીધાં, ને આ મતલબમાં પણ તેઓએ ખોસરોને ફાવવા દીધો નહિ. ઉપલાં લીવરોની મદદથી સલગી ઉઠે તેવી ચીજો પણ શહેરમાં ફેંકવામાં આવી ને ઘણી બીલડીંગો સલગવા માંડી પણ રોમનોએ અગાઉથી ઉપાય લઈ રાખવાથી તે પણ કાંઈ નુકસાન કરી શકી નહિ, ને રોમનોનું જોર તોડી શકી નહિ. તેથી ઉલટું તેઓના એવાંજ લીવરોથી ઈરાનીઓમાં આગવાલી જણસો ફેંકવામાં આવતી હતી. ને ઘણું નુકસાન

કરવામાં આવતું હતું, આટલું કીધા પછી પણુ ખોસરો ફાવ્યો નહિ. ને આવી રીતે દુશમન તરફથી એટલો અટકાવ મલ્યો હતો નહિ, તેથી તે ઘણો દલગીર થઈ ગયો, ને પોતાના તંબુમાં આવીને થાકેલો હોવાથી સુઈ ગયો. તેનુ મગજ ઉંઘથી આરામ થઈ જવાથી પહેલો વીચાર તેને ખોદાની બંદગી કરવાનો કીધો જેમ તે દરેક લડાઇ જીતતો ત્યારે કરતો હતો. તેને અપૂરગાનીઉં મંગાવ્યું, અને તેનીપર સુખડનો આતશ રોશન કરીને રાતના બાર વાગે એકાંતમને બંદગી શરૂ કીધી. સુખડના સોરમથી ને બંદગીની અસરથી તે એટલો ગુંતાઇ ગયો કે તેને પોતાનું ને આસપાસની ચીજોનું ભાન જતું રહયું ને ખોદા તરફ દોરવાતો ચાલ્યો. આસરે એક કલાક ગયા પછી તેની આંખોએ એક સુંદર વીજલીનો ચમકારો જોયો ને થોડા વખતમાં ખુદાઈ રોશનીનો ધોધ જોયો. તેના કાનમાં મોટો વાદળ ગગરે તેવો અવાજ થયો ને એક પલવારમાં આકાશવાની થઈ ‘ અય ખોસરો તારી ફતેહ છે. પણુ તારી જીંદગીનો અંત ખરાબ છે.’ એક પલવારમાં ખોસરોને પોતાનું ભાન તુરત્ત આવ્યું અને આ દેખાવોથી તે એટલો ખુશી ને થાકી ગયો હતો કે તુરત ત્યાંથી ઉઠીને સુઇ ગયો. ઉંઘમાં તેનું ભેજુ કેમ રોમનોને મહાત કરવા તે વિચાર કરવા લાગ્યું. ને

ચાલુ વિચારથી તેને એક આગલા રાજાએ ચુકતી અજમાવી હતી, તેનું ભાન આવ્યું, ને તુરતજ તે બીદાર થઇને ઘણો ખુશી થઈ ગયો, કારણ કે એ તદબીરથી તેની ફતેહ જરૂર થવાની હતી. તેના પોતાના સરદારોને તેજ રાતે બોલાવીને પોતાની તદબીરની વાત કહી. ચાલસીડોન શેહેરમાંથી નદી પસાર થતી હતી, ને તે રોમન દીવાલોની નીચેથી જતી હતી. તે નદીનો રોહ એક રાતમાં બદલી નાંખીને પોતાનુ ઇરાની લશકર અંદર લઇ જવાની હતી. બીજે રાતે ઈરાનીઓ રોમન લોકોની કાંઇ પણ જાણ વગર નદીનો જે માર્ગ આવી રીતે ખુલ્લો થયો હતો, તેમાંથી સેંકડોજણ શેહરમાં છુપી રીતે આવી પુગા ને રોમનોનો તેહવાર હતો, તેથી તે લોકો ખુબ મજામાં પડીને ઉંઘઇ ગયા હતા, ને બીજું એ કે તે લોકો તદન શેહેર અજીત હોવાને લીધે નભરવસ હતા. તેથી જ્યારે સવાર પડી, ત્યારે રોમનો ઘણા ઇરાનીઓને શેહેરમાં દાખલ થયલા જોયા ત્યારે તેઓ અચરત પામીને જીવપર આવીને લડયા. થોડા વખતમાં શેહર ની દીવાલ તોડી પાડવામાં આવી, ને ઈરાની ઘોડસવારો અંદર દાખલ થઇને મજબુત ધસારો કીધો ને રોમનો ઇરાનીઓની ચાલુ ફતેહથી દગાઇ જઇને હઠવા માંડયું, જેવી એની ખબર કોનસતનતીનોપલ

પડી કે રોમનોએ ખોસરો સાથે સુલેહ કરવા માંડી. ખોસરો એટલો બધો થાકીથઈ ગયો હતો કે રોમનો ને મજબુત ફટકો લગાડવાને વાસ્તે કોનસતનતીનોપલ તરફ ધસવાનું માંડી વાલ્યું. ને ચોકસ સરતો તેઓ સાથે કરીને પોતાના વહાલા વતન ઇરાન તરફ જવા નો વીચાર કીધો. તેના હાથમાં રોમનોને તાબેના મુલકો આવ્યા. ને ત્યાં દરેક ઠેકાણે ઈરાની લશકરની નેમણુંક કરીને પોતાની સત્તા તે મુલકોપર બેસાડી. આ લડાઈઓમાં તેને પુશકલ ખજાનો હાથ લાગ્યો, તે તેને ઇરાન તરફ મોકલી દીધો. ઈરાન દેશમાં દોલત ની રેલછેલ અગાઉ કદી ન જણાયલી તેવી થઈ. જીતેલા મુલકોની આમદાની આવવા લાગી. ને રોમ નો સાથે સુલેહ થવાથી બેઉ દેશનો વેપારવણજ જોરમાં ચાલવા લાગવાથી ન ધારેલી દોલત આવવા માંડી. એ દોલતનો ભાગ રૈયતોના ભલા ને બાંધ કામ અરથે કરવામાં આવી. તેનો એક ભાગ ખોસરો એ પોતાનીપર ખરચવા માંડયો. ખોસરોએ પોતાની જીંદગાની મુશકેલીઓમાંથી પસાર કરવાથી હવે તેના હાથમાં પુર સત્તા આવવાથી મોજમજાહમાં પસાર કરવાનો વીચાર કીધો. તેમાં તેના મોજીલા સવભાવે મદદ કીધી ને લડાઇઓના ખનખાર પછી

વાજીંત્રોના સાદની શરૂઆત થઈ ને તે અગીઆર વરસવેર રહી.

પ્રકરણ ૯ મું

જો કે ખોસ્રોપરવીઝ એશઆરામમાં લીન થયો હતો, તોપણ પોતાના મુલકોની વ્યવસ્થા બરો બર થતી હતી કે નહિ તેની હમેશ તલાસ રાખતો હતો. બીજુ પોતાની પછી કોણને ગાદી આપવી તેનો વીચાર કરવા લાગ્યો. તેની માનીતી રાણી શીરીનના છોકરા મરદાનશાહને ગાદીવારસ નેમવાની હતી, તેને વાસ્તે પોતાના મેહલમાં તેને દરબાર ભરવાનો ઠરાવ કીધો. ખોસરોપરવીઝે પોતાના તાબેના રોમન મુલકો ના રોમન ઇજનેરોને પોતાના મેહલને બાંધવાને વાસ્તે બોલાવ્યા હતા. તે મહેલ સંગેમરમરના પથરા નો બાંધવામાં આવ્યો હતો. તે એક ઉંચા પ્લેટફોરમ પર બાંધવામાં આવ્યો હતો. ને તેપર જવાને સંગેર-મરમરની ઘણી સીડીઓ હતી. દાખલ થવાના દરવાજા પર ધારમીક સીંહ સાથના પીલરો ઉભા કરવામાં આવ્યા હતા, ને બાજુમાં પણ ઉંચા પીલરો એવી જાતના ઉભા કરવામાં આવ્યા હતા તેથી મહેલનો બહારનો દેખાવ ઘણો ભપકા ભરયો ને સોભીતો દેખાતો હતો. અંદર દાખલ થતા દરબાર હોલ શેહેન

શાહને લાયકનો બનાવવામાં આવ્યો હતો. રંગ બેરંગી સંગેમરમરથી દીવાલો ને જમીનો બનાવવામાં આવી હતી, ને દીવાલપર શેહેનશાહ લશકરી જીતો કરી આવ્યો હતો, તેનું કોતરકામ કરવામાં આવ્યુ હતું, નીચે જમીનપર સુંદર નમુનાસાથની લાદીઓ જડવામાં આવી હતી. વચચોવચમાં રાજાનું સુંદર તખત ગોઠવવામાં આવ્યું હતું, તે તખતને ખુરસીઓ હીરાને મોતીથી જડી લેવામાં આવી હતી, કારણ કે શેહેનશાહ ખોસરોએ બહુ જવેરાત મેલવ્યું હતું. તખતની આગલ સોનાના બે મોટાં વાસણો હતાં. જેની ઉપર હમેશાં આતશ જળતો હતો. દરવાજા માંથી તખતપર આવવાને સુંદર ઇરાની ગાલીચો પાથરવામાં આવ્યો હતો, ને તેની કોનારીએ હોરા જડી લેવામાં આવ્યા હતા. મહેલનો ઉપરનો ભાગ ખુલ્લો રાખવામાં આવ્યો હતો, તેથી સુરજની રોશની સવાર ને સાંજના અંદર દાખલ થતી હતી, ને હીરા ને સંગેમરમરપર પડતી હોવાથી તે હોલનો દેખાવ સાંજને સવાર બહુ ઝકઝકીત ને માણુસને અજાયબી માં નાંખે તેવો હતો. રાતે તારાઓ ને ગ્રહોની રોશની પણ અંદર દાખલ થઇ શકે તેવી હોવાથી રાતનો દેખાવ પણ દીલપઝીર લાગતો હતો. શેહેન-શાહ જેવો મહેલ તરફ આવ્યો કે રાજના હજાર

હાથીઓ હારોદોર ઉભા હતા તે રાજાને જોઈને ગુંઠણુમંડીએ પડીને નમન કીધું, કારણ હાથીઓને પોતાના શહેનશાહને ઓલખીને નમન કરતા શીખવવામાં આવ્યું હતું. તેની પછવાડે તેની બે રાણીઓ ને તેના છોકરા ને અમીરઉમરાવો આવતા હતા. જેવો શહેનશાહ દરબાર હોલમાં દાખલ થયો કે એવી કરામતથી હજારો લાઇતો સલગાવામાં આવતી હતી, ને હીરા ને મોતીનો વરસાદ નાંખવામાં આવતો હતો.-બધો દેખાવ એક પરસ્તાન જેવો થઇ જતો હતો. નીચે વણેલાં હીરા મોતીઓ લેવાની રાજા જયારે દરબાર છોડી જતો હતો. ત્યારે અમીરોમાં મારામારી થતી હતી. શેહેનશાહે જેવી બેઠક લીધી કે તેની એક બાજુએ તેની રાણીઓ બેઠી હતી, ને બીજી બાજુએ તેના છોકરા બેઠા હતા. શેહેનશાહે દરબાર ભરીને પોતાના છોકરા મરદાન શાહને ગાદીવારસ નેમ્યો ને અમીરોને તેની તરફ વફાદાર રહેવાને સોગંદ લેવામાં કહેવામાં આવ્યું, ત્યારે સૌ કબુલ થયા. હજુ ખોસરોનો દહાડો ને જોર ઘણું ચઢતું હતું, તેથી દુશમનો પણ તેના દોસ્ત થઈ ને તેને ટેકો આપતા, પણ એ વખત પુરો થવે બીજી દીસાએ પવન ફુંકવા માંડવાનો હતો. જયારે

પોતાના દીકરા મરદાનશાહને ગાદીવારસ નેમવામાં આવ્યો ત્યારે તેનીમા શીરીનનું હૈયું બહુ હરખાઇ ગયું, કારણ કે શેહેનશાહ ખોસરોએ તેણીની ના મરજી છતાં બીજી બાયડી કીધી હતી, તો પણ તેણીના પ્યારને વગવસીલો મરણ તુલક ખોસરો છોડી શકયો નહિ, ને જો કે શીરીનને ગેરઇનસાફ થયો હતો પણ તે ખંગ પોતાના દીકરાને ગાદીવારસ નેમવાથી નીકલી ગયો હતો. પણ માણસ કરેછે શું ને થાયછે શું તેમ મેરાયાને શેહેનશાહની આ ગોઠવણ પસંદ પડી નહિ, ને તેની બાજી ફેરવવાની તેણીએ તજવીજ કીધી કારણકે તે રોમનબાનુ હતી, ને રોમનો કાવા દાવામાં પુર્વીણ હતા. મેરાયાને શારીનનો લાગવગ શેહનશાહપર હતો, તે તોડી નહિ નાંખવાથી ઘણી અદેખાઇ ઉપજી ને બઇરાંની અદેખાઇએ શીરીનને તેના દીકરા મરદાનશાહનું કાટલું કાઢી નાંખવાની હતી. મેરાયાએ શીરીન તરફ બહારથી ઘણી લાગણી દેખાડવા માંડી ને તેને અને તેના દીકરાને મુબારક બાદી આપવા મોટી મેજબાનીપર બોલાવી. દારૂમાં જેહરપાઇને તેણીને તેના દીકરાને મારી નાખવાની હતી. એ જહેર એવા જાતનું હતું કે તે પીતાનેવાર માણસ દીવાના જેવો થઇને તેવીજ હાલતમાં મરી જતો હતો. શીરીન ઘણી ચબરાક હતી, ને પોતાના

ખાવીંદ સાથે લડાઈમાં રોમનોની રીતભાતોને તદ્દ-
બીરોનો અનુભવ હતો, તેથી તે ચેતીને ચાલતી
હતી, જયારે દારૂ પીરસવામાં આવ્યો ત્યારે શીરીન
પક્કી હતી. તે પહેલી મેરાયાની દાસીને પીવા
કહયું. મેરાયાએ તે અટકાવાની કોશેશ કરી પણ
દાસીતો તે દારૂ પીગઈ. એક મીનીટમાં તેણીના
દોળાઉપર ચઢી ગયા, ને શરીરમાં તાનતોડ થઇ ને
દીવાની માફક હસવા લાગી. જેવી અસરો શીરીન
ને મરદાન શાહે જોઈ તેવી મેરાયા સાંમેની ધીકકાર
ની લાગણી સાથે તેઓ તેબલ છોડી ગયા ને ઘણી
સંભાળથી મેરાયા સાથે રહેવાનું હતું. આ બાબદની
શેહેનશાહ ખોસરોને જેવી ખબર પડી કે તે પોતાના
મનમાં મેરાયાને પરણુવાને વાસ્તે પસ્તાવો કરવા
લાગ્યો, ને પોતાની માનીતી રાણી શીરીનના શબ્દો
નું તેનું ભાન આવવા માંડયું, કે રખેને એમાંથી
બાજી બગડી ને તેનો ખરાબ અંત આવે. મેરાયા
ને શેહનશાહ ખોસરોએ આવું કામ કરવાને બહુ
થપકો આપવામાં આવ્યો, ને તેનો કીનો લેવાને
તેણીએ ઠરાવ કીધો, ને અંદર તેણીનો ખાવીંદ પણ
સપડાઈ જાય તેની તેણીને દરકાર ન હતી. ખોસરો
પરવીઝે જે મોટી ભુલ કીધી હતી. તે તેને કોનસ્ત-
ન્તીનોપલ નહિ જીતવાની હતી. તે એશઆરામમાં

પડવાથી રોમનોનું જોર તુટી ગયું ન હતું, ને તેઓ એ સુલેહનો લાભ લઇને પોતાના કાવાદાવા ચાલુ રાખ્યા ને તક મલવે ખોહેલા મુલકો પાછા લેવા માંડયા. થોડોવાર ખોસરોએ નાંખતી કીધી, પણ તેઓની સાંમે મોટો ધસારો મોકલવાને બદલે તેને આરમીનીઆપર લશકર મોકલ્યું, ને તેમાં તેના સરદારને હાર મલી જયારે રોમનો આગલ વધ્યા જતા હતા. ખોસરોએ ભુલ કીધી હતી, કે તેને લશકર આરમીનીઆ મોકલવાને બદલે રોમનોની સાંમે મોકલવાનું હતું, તેથી તેઓનો જોર તુટીને અટકાવ થઇ રહે. આરમીનીઆના સરદારને તેની પદવી છીનવી લઇને બીહોરમત કરવામાં આવ્યો. ખોસરો હવે એમ સમજવા લાગ્યો, કે તેના સરદારો તેની તરફથી બરોબર લડતા હતા નહિ. કારણકે તે હવે તુંદમીજાજને મગરૂર થઈ ગયો હતો. આવી રીતે સરદારો તેની સાંમે થતા ગયા, ને જે અગાઉ દુશમનો હતા, તેની સાથે ખોસરોની ગરૂરી તોડવા મલી ગયા. તે લોકો રોમનોને ઇરાનપર ચઢાઈ લાવવાની કહેતા હતા. જેવી આ વાતની ખબર મેરાયાને મલી કે તેણી સરદારો સાથે મલી ગઈ ને તેઓએ તેણીના છોકરાને ગાદીવારસ નેમવાની કબુલાત આપી. આ વખતે ખોસરો જો કે એશ-

આરામમાં હતો, તોપણ તેનામાં શકતી હોવાથી તેને રોમનોને ફાવવા દીધા નહિ. પણ ઘેરના કંકાસની સામે તે ટકી શકયો નહિ. પોતાની પડતીમાં પણ પોતાનું ઈરાન દેશનું નામ તેને ઝળકતું રાખ્યું હતું, રોમનોને મારી હઠાવવામાં આવ્યા. તેથી થોડો વખત તેની સામેના સરદારો કાંઈ પણ બળવાની હીલચાલ કરી શકયા નહિ. બધું સરવે શાંત લાગતું હતું, જેમ દરીયામાં મોટું તોફાન થવાનું હોય તેની અગાઉ દરીઓ ઘણો શાંત હોય છે. પણ મેરાયા પોતાના દીકરા સીરૂય સાથે પાછું બળવાનું પજરણ ચાલુ કીધું. આવો વખત જોઈને જે તડાં બેરામ ચોબીન વખતે થયાં હતાં, ને રોમનો સામેની લડાઈમાં ખોસરો સાથે સંધાયા હતા, તેઓ આવી તક જોઈને ખોસરોને સજા કરવાને મેરાયાને જઈ મલ્યા. તેથી બળવાખોરોને વધારે જોર મલતું ગયું. ધર્મગુરૂ વર્ગ પાદશાહ તરફથી કાંઈ ટેકો ને ખજાનો નહિ મલવાથી ખોસરોની સામે હતો. લોકો જો કે ખોસરોને ચાહતાં હતાં, તોપણ ખોસરો સામેના બળવાને લડાઈઓમાં ઘણાકો મારયા ગયા હતા, તેથી તેમાંથી થોડાઘણા ખોસરોથી નારાજ હતા. આ પ્રમાણે બળવાખોરોને દરરોજ જોર મલતું હતું ને ખોસરો સામે ઉંધી દીસાએ પવન પુંકતો હતો.

લશકરોમાંના ઘણા તેની સાથે હતા, પણ તેનીપર તેનો ભરોસો નહિ હતો, કારણ કે તેની હાર થવે તે સામી બાજુ ઢળી જાય. તેવા હતા. આ બળવા ખોરોની હીલચાલની ખબર બરોબર શેહેનશાહને હતી. આ વખતે તેને ચેલસીડોન વખતનો ગેબી અવાજ યાદ આવ્યો, ને પોતાનો અંત આવી રીતે આવશે એ વીચાર તેને ઘણો દલગીર કરતો હતો. તેની શીરોને તેના મોતનો ભયંકર સ્વપનો જોયો હતો ને તેને વાસ્તે તેને વાકેફ કીધો. આ બધું તેના ખરાબ મોતનું આગાહી કરતું, નસીબના ચકકર સામે તેને લડવાનું હતું, અને તે ઘણો ભલો હોવા છતાં પોતાના આવા અંતને અટકાવી શકયો નહિ. બળવાખોરો સામે તે પોતાની હીમતથી મોટું લશકર લઇ ગયો, પણ અંદર સંપ ન હોવાથી તેનું લશકર હારી ગયો, તેને હીંમત ન છોડી પણ પોતાના દેખાવને દમામથી લોકોની મદદ માંગી ને લોકોએ તે ખુશીસાથે આપી, તેથી બલવાખોરો ધાસ્તીમાં પડયા. એટલા વખતમાં રાત પડીજવાથી શેહેનશાહે મહેલ તરફ ચાલવા માડયું, ને રાતનો વખત લડાઇ તહકુબ રહી. શેહેનશાહ એટલો ઉશ્કેરાઇ ગયો હતો, કે તેને તદન ઉંઘ આવી નહિ. ને આ પહેલીજવાર તે નીરાશ થઇ ગયો, આ વખતે

તેની વહાલી શીરીન તેને એક સુખ્યારા જેવી થઇ પડી હતી. તે એટલો બધો ઉશકેરાઈ ગયો હતો કે તે મહેલની અગાસીપર આવી લાગ્યો. તે એક ચાંદર ની રાત હતી, રૂપાના પતરાં જેવું ચાંદરનું પડતું હતું, ને ઝાડપાનોની ઉપર બરફ પડયું હોય તેવો દેખાવ લાગતો હતો. ચંદ્રમા પોતાના પુલ રોબમાં પ્રકાશતો હતો, ને તેનો પડછાયો સરોવરના તદન સ્થીર પાણીમાં પડતો. કાંઈપણ પવન પુકતો ન હતો. પણ જીણી લેહેકી હતી. તેથી પાણીમાં ચંદ્ર માં હાલતો ને ઝાડના પાતરાંઓની વચચેની લાઈતો હીલતી હતી. તે દેખાવ મગજને ઘણોજ પસંદ હતો. આવા ઉશકેરાએલા મગજે જયારે ખોસરો આવા દેખાવ તરફ નીહાળવા પડયો, ત્યારે તેના વિચારો શાંત થઈ ગયા. પણ તે થોડીજવાર હતું, સામેથી જયારે પોતાના દોસ્તોના ઘાયલ થવાના ને મરી જતા માણસોનો તેને અવાજ આવવા માંડયા ત્યારે તેનું દીલ ઘણું રંજીદા થયું. અગાસીપર તે આમ તેમ ફરવા લાગ્યો. ને જે દીવસથી તે મેરાયા પરણ્યો હતો, ત્યારથી તે સુખી ન હતો, તેથી ઘણો પસ્તાવો થવા લાગ્યો. અને જયારે નસીબને ખુદરત તેનો આવો અંત લાવવાની હતી, ત્યારે તેને મદદ જરા

પણ કરતી નહિ, પણ સામાં તેની મુશ્કેલીઓમાં વધારો કરતી હતી. વખત જતાં સવાર પડી ને લડાઈ શરૂ થઇ. મહોલાઓમાં રઇયતને બળવાખોરો વચ્ચે લડાઈ જાગી. જે માણસ ખોસરોની તરફેણમાં હતા, તેની કતલ ચલાવવામાં આવી. રઈયતની માલમીલકત ધાસ્તીમાં આવી પડી. ઘણી બીલડીંગોને સલગાવી મુકવામાં આવી. રૈયત બળવાખોરોને દાબી દેવામાં જબરૂ જોર વાપરતી હતી, પણ બળવાખોરોમાં શેહેન શાહતના ચુનંદા સરદારોએ રૈયતને મહાત કીધી તેથી જેટલાઓ ખોસરોની તરફેણમાં હતા, તે અલગ થઈ ગયા, ને બળવાખોરોનો રસ્તો મોકલો થયો ને સીધા તેઓ ખોસરોના મહેલ તરફ ધસ્યા. ખોસરો એ તેઓની સામે લડીલડીને પોતાના સાથીઓ કમી થવાથી મહેલ તરફ હઠવા માંડયું, અને બળવા ખોરોનો એટલો બધો ધસારો મહેલમાં આવ્યો કે ખોસરો તેની રાણી શીરીન અને તેના છોકરાંઓ બાહીંમતથી બળવાખોરોની સામે તલવારથી લડવા માંડયું. જયારે શીરીને તેના ખાવીંદની જીંદગી ધાસ્તીમાં જોઈ ત્યારે પોતાની બહાદુરીથી તેને ત્રણ એક સરદારોને પોતાની તલવારથી જમીનદોસ્ત કરી નાખ્યા. જયારે સરદારોએ આવી નામોશી પોતાની જોઇ ત્યારે તેઓએ શીરીનને તલવારથી કાપી નાખી.

જેવો આ બનાવ ખોસરોએ જોયો, તેવો તે હીંગ મુઢ બની ગયો ને સરદારોએ તેની તલવાર છીનવી લઇને તેને કેદ કીધો. તુરતજ તેની ઢોંગી તપાસ ત્રણ બળવાખોરોની કોરટ સનમુખ કરવામાં આવી, ને તેને દેશમાં પુશકળ ખાનાખરાબી કીધી હતી, એવું તેનીપર તહોમત મુકવામાં આવ્યું, ને તેને મોતની સજા કરવામાં આવી, ને તે તુરતજ અમલ માં મુકવાને હોકમ કરવામાં આવ્યો. શેહેનશાહને એક ઉંચા પ્લેતફોરમપર લઈ જવામાં આવ્યો ને હજારો લોકો પોતાના શેહેનશાહનો આવો અંત આવેલો જોવાને ઘણા દલગીર ચહેરે તેને છેલ્લી સલામ આપવા હાજર થયા. શેહેનશાહને હાજર કરવામાં આવ્યો, પણ તેનો દેખાવ પુર હીંમતવાલો હતો, ને મોતથી જરાપણ દગદગતો નહી. બળવા ખોરોએ લોકોના દેખતાં તેનીપર ધીક્કાર ને ફીટ કારનો વરસાદ વરસાવ્યો ને આટલું પુરૂં ન હોય તેમ તેનાં છોકરાંઓને તેની નજર આગળ કતલ કરવામાં આવ્યાં. જયારે તેની માનીતી શીરીન ને તેના છોકરાંઓને મરેલાં જોયાં ત્યારે તે બેહોશ જેવો થઈ ગયો. બળવાખોરોએ શેહેનશાહનું ખુન કરવાનો હુકમ આપ્યો, પણ બળવાખોરોમાંના કોઇ પણ તેને મારવાની હીમત કીધી નહિ, જો કે

તેઓ સામે હતા. તોપણ એક બહાદુર શેહેનશાહને મારવાનું જીગર ચાલ્યું નહિ. અંતે એકજણ કે જેના બાપનું ખુન કાંઇ વાંકસર ખોસરોએ કીધું હતું, તે તૈયાર થયો. તે ખોસરોપર એકદમ ધસી ગયો ને ખોસરોની છાતીમાં એકદમ ખજર ચલાવી દીધું, અને બીજા બળવાખોરોએ પણ તેમાં ભાગ લીધો. આવી રીતે ઇરાનનું નામ ને ઝળકાટ આપનાર ખોસરોપરવીઝનું મોત આવ્યું. જો કે બપોરનો વખત હતો, તોપણ હવામાં એકદમ ફેરફાર થઇને સીહાવાદળ જેવું થઇ રહયું, ને લોકોબી રડમસ ચહેરે ત્યાંથી વીદાય થયું. ઈરાન દેશમાં પણ અંધકાર ફેલાયો ને આપસ આપસની મારામારીમાં શેહેનશાહત ઘણી કમજોર થઈ ગઈ, ને ખોસરોનું વેર વાલવાને વાસ્તે આરબ જેવી નહાની પ્રજાને હાથે નાશ પામી ને તેના થોડા વંસજોએ દુર દરાજને પારકા દેશમાં વાસો કીધો.

પ્રીય વાંચનાર મારી આ નાની વાર્તા પુરી થાય છે, ને મને વિચારમાં નાંખે છે કે આ દુન્યામાં કાંઈ પણ ચીજ કાયમ નથી, ખુબસુરતી, જુવાની, તન્દરોસ્તી, દોલત કાંઈ સ્થીર નથી, તેથી એ ચીજ ધરાવતો માણુસ મનમાં ફાંકો રાખતો હોય કે તેની

હાલત હમેશાં એવી રહેશે તે તદન ગોટાં ખાય છે, કે આ ચીજો પરમેશ્વરની મહાન શકતીથી તેની મરજી પડે તો ખોઇ દેવામાં આવે છે ને માણસની મગરૂરી ખાકમાં રગડોવાય છે, ને વખતે તેનો નાશ થાય છે. કે તે પોતાના સારા વખતમાં ધારે છે કે એવું કાંઈ થશે નહિ. એક મહાન પુરૂશ ખોસરો પરવીઝનો આવો અંત થયો તેથી સારી સ્થીતીમાં હોય તો માણસે એકદમ બહેકાઇ ન જવું, ને દુઃખ પડે ત્યારે ગભરાઈ ન જવું, પણ દરીઆમાંના પહાડ ની માફક રહેવું, કે શાંત કે તોફાની દરીઆ તેની પર અસર કરીને તેની જગોએથી ખસાડતો નથી.

